# ૭૩મા બંધારણીય સુધારાને પગલે આદિવાસી સ્ત્રીઓમાં ઊભરતું નેતૃત્વ

ડૉ. રેખા મહેતા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.

૧૯૯૮

૩૪૨

## અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | પૂર્વભૂમિકા | ૧ થી ૧૧ |
| ૨ | પંચાયતી રાજ અને ૭૩મો બંધારણીય સુધારો | ૧૨ થી ૧૮ |
| ૩ | આદિવાસી મહિલા સરપંચોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ | ૧૯ થી ૨૬ |
| ૪ | ૭૩મો બંધારણીય સુધારો અને મહિલાઓની રાજકીય ભાગીદારી | ૨૭ થી ૩૭ |
| ૫ | તારણો અને સૂચનો | ૩૮ થી ૪૩ |
| | – પરિશિષ્ટ–૧ | ૪૪ |
| | – પરિશિષ્ટ–૨ | ૪૫ |

# પ્રકરણ - ૧

## પૂર્વભૂમિકા

**પ્રાસ્તાવિક :**

પંચાયત એ આપણો એક પ્રાચીન શબ્દ છે. પંચાયતી રાજનો ખ્યાલ આપણા માટે નવો નથી. પરંતુ એ તો અસલ ભારતીય વિચાર છે. આપણા દેશમાં પ્રાચીનકાળથી શરૂ કરીને અંગ્રેજો આવ્યા ત્યાં સુધી પંચાયત પ્રથા એક યા બીજા સ્વરૂપે કામ કરતી હતી. પ્રાચીન ભારતમાં ગામડાંમાં પંચાયતોનું મહત્વનું સ્થાન અને આગવો દરજ્જો હતો. ગામડાંમાં પ્રવીણ અને શાણા માણસોની પંચાયત બનતી. પંચાયત કરવેરા ઉઘરાવવાનું, ગામમાં કોઈ વિવાદ કે ઝઘડો થાય તો ન્યાય તોળવાનું અને ગામલોકોની સુખાકારી જળવાય તે જોવાનું કામ કરતી. શ્રી હીરાલાલ શાહ તેમના પુસ્તક 'પંચાયતી રાજ' માં જણાવે છે કે, દ્રવિડ લોકોની જૂની ગ્રામવ્યવસ્થા અને આર્યોના નવા વિચારોના સમન્વયમાંથી ગ્રામવ્યવસ્થા હિંદમાં વિકસી હતી. ગામો લગભગ સ્વતંત્રતા ભોગવતાં હતાં અને ચૂંટાયેલી પંચાયતો તેનો વહીવટ ચલાવતી હતી. 'મનુસ્મૃતિ' માં ગ્રામસંઘો વિશે તેમજ 'જાતક કથાઓ' માં
ગ્રામજનોની રચના વિશે ઉલ્લેખ છે કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં
ગ્રામસભા એટલે સ્થાનિક ગ્રામજનોમાં જણાવેલ છે કે શહેર, કસબાઓ અને ગામડાંના ઘટકોમાં ઠીક ઠીક પ્રમાણમાં, સ્થાનિક સ્વરાજ્ય હતું અને ચૂંટાયેલા વડીલો આ સ્થાનિક વહીવટ સંભાળતા. આ સ્થાનિક સ્વરાજ્યને લોકો મહામૂલી વસ્તુ લેખતા અને કોઈ રાજા અથવા સમ્રાટ ભાગ્યે જ તેમાં દરમિયાનગીરી કરતો. દસમા સૈકા દરમિયાન રચાયેલા શુક્રાચાર્યના 'નીતિસાર' નામના ગ્રંથમાં જણાવાયું છે કે, ગ્રામપંચાયત પાસે વહીવટ તેમજ ન્યાયની સત્તા સારા પ્રમાણમાં હતી, અને તેના સભ્યો સાથે રાજાના અમલદારો પણ અદબથી વર્તતા. ગામની જમીનની વહેંચણી પંચાયત કરતી. પાકેલા પાકનો રાજભાગ પણ એ જ ઉઘરાવતી અને ગામની વતી તે સરકારને પહોંચાડતી.''

''ગ્રામપંચાયતના સભ્યોની ચૂંટણી કેવી રીતે થતી, અને તેમની લાયકાત તેમજ ગેરલાયકાત શી હતી, એ વિશે દક્ષિણ હિંદના કેટલાક લેખો પરથી આપણને માહિતી મળે છે. જુદી જુદી સમિતિઓ પણ ચૂંટવામાં આવતી અને સ્ત્રીઓ પણ તેની સભ્ય થઈ શકતી. એ સમિતિઓની ચૂંટણી દર વર્ષે કરવામાં

આવતી. કોઈ સભ્ય ગેરવ્યાજબી વર્તન કરે તો તેને કાઢી મૂકવામાં આવતો. કોઈ સભ્ય પ્રજાના નાણાંનો હિસાબ આપવામાં નિષ્ફળ નીવડે તો તે પંચાયતના સભ્ય તરીકે રહેવાને નાલાયક ઠરતો.''

ભારત ખેતીપ્રધાન તેમજ ગ્રામપ્રધાન દેશ છે. વસ્તીના લગભગ ૮૦ ટકા લોકો ગામડાંઓમાં વસે છે. મહાત્મા ગાંધીએ પણ કહ્યું કે મારું ભારત અસંખ્ય ગામડાંઓમાં વસેલું છે. પ્રાચીન ભારતથી ગામડું વહીવટી તંત્રનું સૌથી પાયાનું એકમ રહ્યું છે. ગ્રામીણ સમાજનો સર્વાંગી વિકાસ થાય તે મૂળભૂત રીતે પંચાયતી રાજનો પાયો છે.

પંચાયતી રાજ વ્યવસ્થામાં રાજ્યના વિસ્તારને વહીવટી સરળતા ખાતર નાના-નાના પ્રાદેશિક વિભાગોમાં વિભાજિત કરી નાખવામાં આવે છે. આ દરેક વિભાગના કાર્યોનો વહીવટ જે સંસ્થા કરતી હોય તેને પંચાયતી રાજની સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીનકાળથી આપણાં દેશનાં ગામડાંઓનો વહીવટ પંચાયત દ્વારા ચાલતો. ''પંચ ત્યાં પરમેશ્વર'' એ ઉક્તિ આપણાં દેશમાં પ્રચલિત છે. ગામના પાંચ ડાહ્યા માણસો ગામનો કારભાર ચલાવે, તેનો વિકાસ કરે અને ન્યાય આપવાનું કામ પણ કરે. શ્રમદાન દ્વારા કૂવા, રસ્તા, તળાવ સમારતાં, ધર્મશાળા, મંદિર, શાળા ઊભી કરતાં. ગામનું રક્ષણ અને ચોકી ગામના લોકો જ કરતાં. આ બધી પરંપરાઓ આપણાં દેશમાં પ્રાચીનકાળમાં પ્રવર્તતી હતી. પ્રાચીન અને મધ્યકાલીન યુગમાં ભારતમાં વિદેશીઓના આક્રમણ થતાં રહેતાં એકબીજાં રાજ્યો વચ્ચે યુદ્ધ થતાં, તે બધા વચ્ચે પણ ગામડાં ટકી રહેતાં, પંચાયતની પરંપરાગત પ્રથાને કારણે આપણાં ગામડાં અને સંસ્કૃતિ જળવાઈ રહ્યાં. ગવર્નર જનરલ ચાર્લ્સ મેટકાફે ગ્રામપંચાયતો વિષે લખ્યું છે કે, ''ભારતની ગ્રામ પંચાયતો નાનાં નાનાં પ્રજાતંત્રો છે. પોતાની જરૂરિયાતની બધી જ વસ્તુઓ પેદા કરી લે છે. તે બહારના સંબંધોથી અલિપ્ત છે. યુદ્ધના વાવાઝોડાં વચ્ચે જ્યાં બીજી કોઈ વસ્તુ ટકી નથી ત્યાં ગ્રામપંચાયતો કાર્ય કરી રહી હોય તેમ જણાય છે. તેમાં દરેક પંચાયત સ્વતંત્ર છે અને સ્વાયત્ત રાજ્ય સમાન છે. ગામડાંની સુખ-શાંતિ, સ્વાયત્તતા અને તેની સ્વતંત્રતા મહદ્અંશે આવી પંચાયતોને આભારી છે.'

પ્રાચીન સમયથી ભારતમાં ગામડું પોતાની જરૂરિયાત માટે પોતાના પગ પર ઊભુ રહેતું. રાજાઓ બદલાતા તો પણ ગ્રામજીવનની અખંડિતતા રહેતી. રસ્તા અને વાહનવ્યવહારના અભાવે ગામડાંઓ બહારની વિશાળ દુનિયાના સંપર્કમાં જ આવ્યા ન હતા. ઓછી જરૂરિયાત, સાદુ જીવન, સ્વાવલંબીતા, કૃષિ સંસ્કૃતિની પ્રધાનતા વગેરે કારણે સૈકાઓ સુધી પરંપરા ચાલુ રહી. પશ્ચિમે નવી હવા, નવી ચેતના, નવા વિચાર, નવો વિકાસ કે ક્રાંતિ ન આપ્યાં. જૂનું, રૂઢિગત જીવન ચાલુ રહ્યું. પંડિત જવાહરલાલ નહેરૂએ તેમના પુસ્તક "જગતના ઇતિહાસનું રેખાદર્શન" માં આ અંગે ચર્ચા કરતાં જણાવ્યું છે કે, "ગામડાંને જેટલી સ્થાનિક સ્વતંત્રતા અને સ્વાયત્તતા હતી તે બહુ સારી વસ્તુ હતી. પણ એ પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ તરફ દુર્લક્ષ કરવું એ પણ બરોબર નથી. "બાકીની દુનિયાથી અલગ એવું એક સ્વાયત્ત ગ્રામજીવન પ્રગતિને સાનુકૂળ નહોતું. જે વ્યક્તિ કે સમૂહ પોતાનામાં જ રત રહે તે સ્વાર્થી અને સંકુચિત મનનો થવાનો પૂરો સંભવ છે. એથી ત્યાં સારાં હોવા છતાં ગ્રામપંચાયતો સ્થાપેલા ગ્રામસમાજો પ્રગતિનાં કેન્દ્રો ન બની શક્યાં.

બ્રિટીશ અમલમાં પંચાયતોની સ્વાયત્તતા લગભગ અદ્રશ્ય થઈ ગઈ. ૧૯૦૭માં રોયલ કમિશનના અહેવાલમાં નોંધ કરવામાં આવી છે કે, "પહેલાં આ ગામડાંને મોટા પ્રમાણમાં સ્વાયત્તતા હતી. પણ સ્થાનિક દીવાની અને ફોજદારી અદાલતો અત્યારની મહેસૂલી અને પોલીસ વ્યવસ્થાથી, વાહન-વ્યવહારના વધારાથી, વ્યક્તિ-સ્વાતંત્ર્યના વિકાસથી અને મહેસૂલી કેન્દ્ર-વાળી પદ્ધતિ દાખલ થવાથી એ સ્વાયત્તતા હવે અદ્રશ્ય થઈ ગઈ છે."

પંચાયતી વ્યવસ્થાને કારણે લોકોમાં ગ્રામ સ્વાવલંબન અને ગ્રામસ્વરાજની ભાવના વિકસી. પરંતુ એથી રાષ્ટ્રીય ભાવનાને પોષણ મળ્યું નહીં. પોતાનાં ગામના રક્ષણની કાળજી લેનારા, ગામ તથા ધર્મની રક્ષા માટે મરી ફીટનારા ગ્રામવાસીઓ દેશ પર થયેલા આક્રમણની ચિંતા કરી શક્યા નથી. દેશમાં બ્રિટીશ શાસન કાયમી થયાની સાથે જ પરદેશી શાસકોએ પોતાની સત્તા મજબૂત કરવાના આશયથી આપણી પંચાયતી વ્યવસ્થાનો મનસ્વીપૂર્વક નાશ કર્યો. સમય જતાં દેશમાં જાગૃત થયેલી સ્વરાજ્યની ભાવનાને અંશતઃ સંતોષવાના આશયથી સ્થાનિક સ્વરાજ્યના અંગ તરીકે અંગ્રેજ હકૂમત દ્વારા દેશના કેટલાક પ્રાંતોમાં પંચાયતની પુનઃસ્થાપના થઈ.

૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી ભારત પાછા આવ્યા. તેમણે જણાવ્યું છે, ''ભારત એક રીતે પ્રજાસત્તાક દેશ રહ્યો છે અને તેના મૂળમાં ગામપંચાયતો છે.'' તેમણે પરદેશી શાસનને દૂર કરવા માટે સ્વાધીનતાની લડતનાં મંડાણ કર્યાં. સાથે સાથે તેમણે દેશની સમગ્ર સ્વાધીન ભારત અંગેનું તેમનું ચિત્ર સ્પષ્ટ કરવા માંડ્યું. ગ્રામસ્વરાજને તેમણે સ્વાધીન ભારતનો પાયો ગણાવ્યો અને દરેક ગામ સંપૂર્ણપણે પ્રજાસત્તાક હોવું જોઈએ એમ તેઓ માનતા હતા. ગાંધીજીની ગ્રામસ્વરાજ્યની કલ્પનામાં તેમણે ગામડું કેન્દ્રસ્થાને રાખ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા જાળવવી હોય, બહુજન સમાજની શક્તિઓ અને તેનું કલ્યાણ થાય તેવું કરવું હોય તો સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જ જોઈએ. એમ તેઓ સ્પષ્ટ માનતા હતા. પંચાયતોને જેટલી વધુ સત્તા સોંપાશે તેટલું પ્રજાનું વધુ ભલું થશે એમ તેઓ માનતા હતા.

આઝાદી મળ્યાની સાથે લોકશાહીના પાયા ઉપર રચવામાં આવેલાં આપણાં બંધારણમાં ગ્રામસ્વરાજ્યની સંસ્થા તરીકે પંચાયતનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું. તેને પરિણામે દેશના મોટાભાગનાં રાજ્યોમાં ગામેગામ પંચાયત અને વિકાસના કાર્યક્રમોને ખૂબ વેગ મળ્યો. આપણા બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ ૪૦માં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે, ''ગ્રામપંચાયતોની રચના કરવા તેમજ જરૂરી સત્તા અને અધિકારો આપી સમગ્ર રીતે સ્વરાજ્યના પાયાના એકમ તરીકે કાર્યશીલ કરવાના પગલાં લેવાની રાજ્યની ફરજ રહેશે.'' દેશના વિકાસ માટે અનેક મોટી યોજનાઓ અને મહત્ત્વનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં. પરંતુ દેશની કરોડરજ્જુ સમાન આપણાં અસંખ્ય ગામડાંઓનો વિકાસ ન થાય ત્યાં સુધી મહાકાય અને મોટી લેખાતી વિકાસ યોજનાઓનો કશો અર્થ નથી. આ અસંખ્ય ગામડાંઓના વિકાસ અર્થે દેશભરમાં સામૂહિક વિકાસ યોજનાનો મોટી ધામધૂમ સાથે પ્રારંભ કરવામાં આવ્યો. થોડો વખત દેશભરમાં ગામડાંઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પરંતુ વખત જતાં ક્રાંતિકારી લેખાતી સામૂહિક વિકાસ યોજના વહીવટી ઢાંચાઓમાં અટવાવા લાગી, લોકોનો ઉત્સાહ ઓસરવા લાગ્યો. કારણ ગ્રામસ્વરાજ્યની પાયાની સંસ્થા પંચાયતને ભૂલી જવામાં આવી હતી.

ગામડાંના વિકાસ અર્થે હાથ ધરવામાં આવેલી આ યોજનામાં લોકોને સાચા અર્થમાં ભાગીદાર બનાવવા માટે રાજ્ય સરકારમાં કેન્દ્રિત થયેલ સત્તા

તેમજ વહીવટનું વિકેન્દ્રીકરણ કરી કેવળ ગ્રામકક્ષાએ જ નહીં પણ ગ્રામકક્ષાથી માંડીને જિલ્લાકક્ષા સુધી લોકશાહી માળખાનું નિર્માણ કરવાનું કેવળ આવશ્યક જ નહીં પણ અનિવાર્ય જણાયું અને આ માળખું એ પંચાયતી રાજ, પંચાયતી રાજ એ આપણે આગળ જોયું તેમ કોઈ નવો પ્રયોગ નથી પરંતુ પંચાયતી ભાવના અને વિચાર ઉપર આધારિત અને સહજ સ્વાભાવિક ક્રમમાં વિકસેલો એવો લોકશાહી વિકેન્દ્રીકરણનો નક્કર કાર્યક્રમ છે. દેશના ઝડપી વિકાસ માટે અને નૂતન સમાજની રચના માટે સમાજવાદનો કાર્યક્રમ સ્વીકાર્યો છે તેના એક ભાગરૂપે પણ પંચાયતી રાજનું મહત્વ વધી જાય છે.

વિકાસ યોજનાઓ કઈ રીતે કાર્યક્ષમ અને અસરકારક બને તેની વિચારણા કરી ઉપાય સૂચવવા માટે ઈ.સ. ૧૯૫૬માં શ્રી ગોવિંદ વલ્લભ પંતના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ દ્વારા શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે એક પેટા સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિનું મુખ્ય કામ ગ્રામકક્ષાએ વિકાસ યોજનાઓ કઈ રીતે સફળ થાય તે વિશે રચનાત્મક સૂચનો કરવાનું હતું. આ સમિતિના સભ્યોએ સમગ્ર દેશનો પ્રવાસ કરીને સામૂહિક વિકાસ અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજનાઓનાં કાર્યો અને કાર્યપદ્ધતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેમના નિરીક્ષણમાં સ્પષ્ટ દેખાયું કે સામૂહિક વિકાસ કાર્યોમાં જોઈએ તેટલા પ્રમાણમાં લોકો સહકાર આપતા નથી. લોકો દ્વારા જે વિકાસ થવો જોઈએ તે થતો નથી. જે લોકો માટે કાર્યક્રમો કે યોજનાઓ ગોઠવવામાં છે તે લોકોને તેનો પૂરેપૂરો લાભ મળતો નથી. જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વહીવટીતંત્રનું માળખું પુનર્રચના માગી લે છે. સમિતિએ આ બધાનો સર્વગ્રાહી વિચાર કર્યો અને સને ૧૯૫૭ના નવેમ્બરમાં એક અભ્યાસપૂર્ણ અહેવાલ રજૂ કર્યો. શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોમાં 'લોકશાહી વિકેન્દ્રીકરણ' ના કેટલાક મૂળભૂત અને પાયાના સિદ્ધાંતો પર ભાર મૂકવામાં આવ્યો છે, અને તેનું ઐતિહાસિક મહત્વ છે. સમિતિએ સૂચવ્યું હતું કે વિકાસ કાર્યક્રમોમાં જનતાને સવિશેષ ભાગ લેતી કરવી હોય તો ગ્રામકક્ષાએ યોજનાઓ તૈયાર કરી, એને અમલી બનાવવા માટે જરૂરી સત્તા અને સાધનો જેની પાસે છે, એવી લોકોએ પોતે લોકશાહી રીતે સ્થાપેલી સંસ્થાઓને જ તમામ જવાબદારીઓ સોંપી દેવી જોઈએ.

શ્રી બળવંતરાય મહેતા સમિતિના અહેવાલે દેશ સમક્ષ વહીવટીતંત્રમાં આમૂલ પરિવર્તન સૂચવતો લોકશાહી વિકેન્દ્રીકરણનો એક ક્રાંતિકારી કાર્યક્રમ રજૂ કર્યો. વિકાસ કામોમાં કરકસર અને કાર્યદક્ષતા સાધવાના હેતુથી રાષ્ટ્રના નવનિર્માણના કામોમાં લોકોનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરવાની ઉત્કંઠાથી તેમજ સામાન્ય વહીવટ અને વિકાસની કામગીરી જિલ્લા કક્ષાએ અને એના નીચેના સ્તરે પાયાની લોકશાહી સંસ્થાઓ સંભાળી શકે તેવું વહીવટી તંત્ર ઊભું કરી આપવાની શુભ ભાવનાથી ''પંચાયતી રાજ'' દાખલ કરવાની ભલામણ થઈ, સમિતિના તારણો અને ભલામણોને ૧૯૫૮માં નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલે બહાલી આપી. ''લોકશાહી વિકેન્દ્રીકરણ'' જેવા ભારેખમ શબ્દને બદલે પ્રચલિત 'પંચાયતી રાજ' શબ્દ નહેરુએ વાપર્યો. પંડિત જવાહરલાલ નહેરુએ પંચાયતોને અસરકારક બનાવવા ઉપર ભાર મૂક્યો. ત્યારથી ''પંચાયતી રાજ'' શબ્દ પ્રચલિત થયો.

આમ સમગ્ર રીતે જોતાં પંચાયતી રાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ અથવા તો લોકશાહી માર્ગે સામૂહિક વિકાસનાં કાર્યો કરતી સ્વાયત્ત સંસ્થા એમ કહી શકાય. આ રીતે વિચારીએ તો પંચાયતી રાજના વિચારને ચોક્કસ સ્વરૂપ આપવાનું કામ ૧૯૫૭માં નિમાયેલા બળવંતરાય મહેતા સમિતિએ કરેલ ભલામણોનાં અનુસંધાનમાં થયું છે. દેશભરમાં સૌ પ્રથમ રાજસ્થાનમાં ૧૯૫૯ના ઓક્ટોબરમાં પંચાયતી રાજની શરૂઆત થઈ. ૧૯૫૯ના નવેમ્બરથી આંધ્રપ્રદેશ અને ૧૯૬૨ના મે માસથી મહારાષ્ટ્રમાં પંચાયતી રાજ અમલમાં આવ્યું.

ગુજરાતનો પંચાયત કાયદો બીજાં રાજ્યોના પંચાયત કાયદાઓની તુલનાએ વિશિષ્ટ કહી શકાય તેવો હતો. સત્તા અને વહીવટ લોકશાહી રીતે, સારી રીતે વિકેન્દ્રીકરણ કરી ગુજરાતમાં પંચાયતી રાજની શુભ શરૂઆત તા.૧-૫-૧૯૬૩ના રોજ કરવામાં આવી હતી. રાજ્યની સો ટકા મહેસૂલી આવક ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ સ્વરૂપે આપનાર ગુજરાત ત્યારે દેશભરમાં એકમાત્ર રાજ્ય હતું. દરેક પંચાયતને તાલીમ પામેલ પંચાયત મંત્રીની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી. સમાજના નબળા વર્ગો માટે ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિઓ ફરજિયાત રચવામાં આવી. ગ્રામીણ પ્રજાને ઘર આંગણે સસ્તો અને ઝડપી

ન્યાય મળે તે હેતુથી સમાધાનપંચ અને ન્યાયપંચાયતની જોગવાઈ કરાઈ. તેમજ પંચાયતી રાજનો લોકાભિમુખ વહીવટ, વિકાસ કામોમાં પ્રજાની સક્રિય સહકાર અને સામેલગીરી તેમજ પંચાયત કાયદાની કેટલીક વિશિષ્ટ જોગવાઈઓને કારણે ગુજરાતનું પંચાયતી રાજ દેશભરમાં દૃષ્ટાંતરૂપ બન્યું.

પંચાયતી રાજની રચનાથી ભારતની ગ્રામીણ પ્રજામાં ભારે ઉત્સાહ પ્રગટ્યો, ઘર આંગણે જાણે સ્વરાજ્ય આવી મળ્યો આનંદ થયો. નવું ગ્રામ નેતૃત્વ ઉભરી આવ્યું. પ્રજાએ સ્વેચ્છાએ આપેલા લોકફાળામાંથી વિકાસના કાર્યક્રમો થવા લાગ્યા. ગામડામાં જાગૃતી અને નવચેતના આવ્યા.

૧૯૬૦-૬૮ દરમિયાન પંચાયતી રાજે સારો વિકાસ કર્યો. ગામડામાં પાણી, રસ્તા, નિશાળના ઓરડા, આરોગ્યસેવા વગેરે માટે લોકો ધારાસભ્ય કે સંસદસભ્યને બદલે પંચાયતી રાજ્યસંસ્થાઓના હોદ્દેદારો અને અધિકારીઓને મળી પ્રશ્નો ઉકેલતા થયાં. પંચાયતી રાજના પ્રથમ દસકામાં ગુજરાતમાં સંખ્યાબંધ વિકાસકામો થયાં. તે પ્રત્યે સમગ્ર દેશનું ધ્યાન દોરાયું.

૧૯૬૮થી '૭૭ દરમિયાન કેટલીક રાજ્ય સરકારોએ પંચાયતી રાજ સંસ્થાઓ પ્રત્યે ઓરમાયુ વલણ દાખવ્યું. પંચાયતોને આપેલા અધિકારો પાછા ખેંચ્યા. ચૂંટણી ન કરી, ૧૯૭૦ પછી ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક સિવાયના રાજ્યોમાં પંચાયતરાજ માત્ર કાગળ ઉપર રહ્યું હતું.

૧૯૭૮માં કેન્દ્ર સરકારે નીમેલી અશોક મહેતા સમિતિએ રાજ્ય બંધારણમાં સુધારો કરી પંચાયતી રાજ સંસ્થાઓને વૈધાનિક દરજ્જો, નિયમિત સાધનો, ચોક્કસ કાર્યક્ષેત્ર, જરૂરી અધિકારો આપવા ભલામણ કરી. અખિલ હિંદ પંચાયત પરિષદે પણ આ માટે ઠરાવો કરેલા. પરંતુ અશોક મહેતા સમિતિનો અહેવાલ તેમજ અખિલ હિંદ પંચાયત પરિષદની માગણી તરફ માગણી તરફ કોઈએ ધ્યાન આપ્યું નહિ.

રાજીવ ગાંધીએ રાજ્યબંધારણમાં સુધારો કરી પંચાયતી રાજને વૈધાનિક દરજ્જો આપવા માટે ૧૫ મે, ૧૯૮૯ના રોજ રાજ્યબંધારણના ૬૪ મા સુધારાનું બિલ લોકસભામાં રજૂ કર્યું. રાજ્યસભામાંથે પસાર થઈ ન શક્યું. લોકસભાની ચૂંટણીઓ પછી નેશનલ ફ્રન્ટ સત્તા પર આવ્યો. વી.પી. સિંહ

વડાપ્રધાન થયા અને બંધારણમાં ૭૩મા સુધારાનું બિલ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૯૦ના રોજ દાખલ કરવામાં આવ્યું: ૯ નવેમ્બર, ૧૯૯૦ના રોજ વી.પી. સિંહ વડાપ્રધાન મટી જતાં એ બિલની ચર્ચા થઈ નહીં.

નરસિંહરાવની સરકારે સપ્ટેમ્બર ૧૯૯૧માં લોકસભામાં ફરી એ બિલ રજૂ કર્યું. લોકસભા અને રાજ્યસભાએ તેને બહાલી આપી. બધાં રાજ્યોની વિધાનસભાઓએ તેને ટેકો આપ્યો. રાષ્ટ્રપતિએ તેને મંજૂરી આપી. એટલે રાજ્ય બંધારણના ૭૩મા સુધારાનો કાયદો તા.૨૪-૪-૯૩ના રોજ અમલમાં મુકાયો છે.

દેશભરના ગ્રામવિસ્તારોમાં પંચાયતી રાજની સંસ્થાઓની અમુક રચના કરવામાં આવે, તેમને વૈધાનિક દરજ્જો તથા મોભો પ્રાપ્ત થાય તેમજ ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે પંચાયતી રાજની સંસ્થાઓને પૂરતા અધિકારો, સત્તાઓ, સાધનો ઉપલબ્ધ બને, પંચાયતી રાજની સંસ્થાઓ સાતત્ય, નિશ્ચિતતા અને સામર્થ્ય ભોગવે તેમજ ગ્રામવિસ્તારોના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની સ્થાપના કરવા સક્ષમ અને સમર્થ બને એ પંચાયત કાયદાનો ઉદ્દેશ છે અને તેના અમલમાં લોકો સક્રિય રીતે ભાગીદાર બની શકે તે હેતુથી કેન્દ્ર સરકારે રાજ્યબંધારણની ૭૩મી કલમમાં સુધારો કરી ઐતિહાસિક પગલું ભર્યું છે.

પંચાયતી રાજ આપણા દેશમાં લોકશાહીને ગ્રામ વિસ્તારમાં વિસ્તૃત અને સુદૃઢ બનાવવાનું એક સાધન છે તે એક હકીકત છે. આધુનિક સમયમાં પંચાયતી રાજ વ્યવસ્થા લગભગ દરેક રાજ્ય માટે કાયમી જેવી બની ગઈ છે. એટલું જ નહીં પણ આ સંસ્થાઓ આધુનિક સમયમાં સમાજવાદી સમાજ રચનાની દિશામાં પણ ઉપયોગી બની રહી છે તે વાતનો સ્વીકાર કરવો જરૂરી બને છે.

એપ્રિલ, ૧૯૯૩માં ૭૩માં બંધારણીય સુધારો આવ્યો. આ સુધારો મહિલાઓને સ્થાનિક પંચાયતોમાં ૩૩ ટકા સ્થાન આપે છે. ભારતના રાજકીય ઈતિહાસમાં આ એક ક્રાંતિકારી અને પ્રશંસનીય પગલું છે. આને લીધે દેશભરમાં એક મૂકક્રાંતિ શરૂ થઈ છે. આટલી બધી મહિલાઓને પ્રથમ વખત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. ગ્રામ સમાજની અંદરની બધી જાતિઓને આ કાયદાથી પ્રતિનિધિત્વ મળેલ છે. અને એ રીતે ગુજરાતની

આદિવાસી મહિલાઓને પણ ૩૩ ટકા પ્રતિનિધિત્વ મળેલ છે. આને કારણે આદિવાસી સ્ત્રીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવશે, તેમને એક નવું બળ મળશે.

આદિવાસી સ્ત્રીઓ બિનઆદિવાસી સમાજની સ્ત્રીઓ કરતાં સરખામણીમાં તેમના સમાજમાં ઊંચું સ્થાન ધરાવે છે. આમ તો આદિવાસી સમાજમાં પણ પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા છે, અને કુટુંબમાં પુરુષોનું જ મહત્વનું સ્થાન હોય છે. વંશ, વારસો, નામ વગેરે પિતા તરફથી જ બાળકને મળે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે આ સમાજમાં સ્ત્રીઓનું મહત્વ નથી. સ્ત્રી – પુરુષ સમાનતાની વાત કરતો આધુનિક સમાજ જે સ્ત્રી – પુરુષ સમાનતા કેળવી નથી શક્યો તે આદિવાસી સમાજમાં જોવા મળે છે. સ્ત્રી અને પુરુષ એકબીજા સાથે ખભેખભા મિલાવી ખેતરમાં કામ કરે છે. લગ્નમાં નૃત્ય કરે છે અને મેળામાં મ્હાલે છે. તેઓ પુત્રીને બોજારૂપ ગણતાં નથી. જે આદિવાસીઓમાં 'ખંધાડપ્રથા' (ઘરજમાઈ) ના રિવાજ છે. તેમાં 'ખંધાડ' લાવનાર પુત્રીને પિતાની મિલકતમાં ભાગ મેળવવાનો અધિકાર છે. અને જીવનસાથીની પસંદગી અને સ્વેચ્છાએ છૂટાછેડાની બાબતમાં છોકરા અને છોકરી બંનેને તેમના સમાજે સરખા હકકો બક્ષ્યા છે. આમ, સામાજિક દૃષ્ટિએ આદિવાસી સ્ત્રી ઘણી સ્વતંત્રતા ભોગવે છે. તેણે વિધવાની યાતના ભોગવવી પડતી નથી. વિધવા પુનઃલગ્ન કરી શકે છે.

પરંતુ ધાર્મિક બાબતમાં સ્ત્રીને અપવિત્ર ગણીને કોઈ અધિકાર આપવામાં આવ્યા નથી.

આર્થિક દૃષ્ટિએ કહી શકાય કે આદિવાસી સ્ત્રી પોતાના પતિ કે પિતાની જોડે ખેતરમાં કામ કરે છે પણ ખેતી નિભાવલક્ષી હોવાથી તેની આવક રોજિંદા જીવનને ટકાવી રાખવામા જ વપરાઈ જાય છે. જો કે પોતે છૂટકમજૂરી કરીને પોતાના વાડામાં ઉગાડેલાં શાકભાજી કે ફળફળાદી વેચીને જે આવક પ્રાપ્ત કરે છે. તેમાંથી પોતાની મનપસંદ ચીજવસ્તુ ખરીદી સ્વમાની અને હિંમતવાળી હોય છે. આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. ગુજરાત રાજ્યમાં ૧૪ વર્ષ સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા છે. સ્ત્રીઓ માટે તો બધું જ શિક્ષણ મફત છે. છતાં આદિવાસીઓમાં ૧૪ વર્ષ સુધીની ઉંમરની મોટાભાગની બાળાઓ શિક્ષણ

હીધા વગરની અથવા તો અધવચ્ચેથી શિક્ષણ છોડી દેનાર જણાય છે. ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ૨૪.૨૦ ટકા જેટલું છે.

શિક્ષણની માફક રાજકીય બાબતમાં પણ આદિવાસી સ્ત્રી સક્રિય નથી. તે મતદાન કરે છે. ગ્રામપંચાયતમાં સભ્યપદ પણ ધરાવે છે. છતાં રાજકીય કે જાહેર ક્ષેત્રમાં તેની ભાગીદારી નહિવત જોવા મળે છે. અત્યાર સુધી પોલીસ પટેલ કે સરપંચ તરીકે આદિવાસી સ્ત્રી ભાગ્યેજ જોવા મળતી.

આમ, આદિવાસી સ્ત્રીઓ સામાજિક દૃષ્ટિએ ઘણું ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. આર્થિક અને શૈક્ષણિક દૃષ્ટિએ તેઓ હજુ ઘણી પાછળ છે. આ લોકોના વિકાસ માટે સરકાર તરફથી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. રાજકીય બાબતમાં પણ અન્ય સ્ત્રીઓની જેમ આદિવાસી સ્ત્રીઓને પણ ૩૩ ટકા સ્થાન ગ્રામપંચાયતોમાં મળેલું છે. તેથી રાજકીય ક્ષેત્રે અને જાહેરજીવનમાં તેઓ આવવા લાગી છે. ૭૩મા બંધારણીય સુધારાને કારણે આદિવાસી મહિલાઓમાં નેતૃત્વ કઈ રીતે ઉભરી રહ્યું છે તે અંગે સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

<u>અભ્યાસના હેતુઓ</u> :

આ અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

(૧) ૭૩મા બંધારણીય સુધારાને પગલે આદિવાસી મહિલાઓમાં નેતૃત્વ કઈ રીતે ઉભરી રહ્યું છે તે જાણવું.

(૨) આદિવાસી મહિલાઓમાં રાજકીય બાબતમાં ખાસ કરીને ગ્રામ-પંચાયતના સરપંચ તરીકેની જવાબદારીઓ ઉપાડવામાં શક્તિ અને ક્ષમતા કઈ રીતે વિકસી રહી છે તે તપાસવું.

(૩) આદિવાસી મહિલા સરપંચો પોતાની ફરજો બજાવી શકે છે કેમ કે ?

(૪) એક મહિલા સરપંચ તરીકે તેમને કોઈ મુશ્કેલીઓ નડે છે ?

(૫) સરપંચ બનવાને કારણે ઘરના કાર્યો કે જવાબદારીઓ નિભાવવામાં કોઈ અવરોધ આવે છે.

<u>અભ્યાસની પધ્ધતિઓ અને પ્રવિધિઓ</u> :

પ્રસ્તુત અભ્યાસમાં દ્વૈતિયક માહિતી ( Secondary Data ) માટે ગ્રંથાલયનો ઉપયોગ કર્યો છે. પંચાયતી રાજ તેમજ ૭૩મા બંધારણીય સુધારાને લગતું સાહિત્ય મેળવીને તેમનું વાંચન કરી વિષય અંગેની જાણકારી પ્રાપ્ત કરી હતી.

પ્રાથમિક વિગતો ( Primary Data ) માટે ક્ષેત્રકાર્ય કર્યું અને તેમાં અનુસૂચિનો ઉપયોગ કરીને તાલુકા પંચાયતના આદિવાસી મહિલા પ્રમુખો તેમજ સરપંચોની રુબરૂ મુલાકાત લઈને માહિતી મેળવવામાં આવી હતી. આદિવાસી મહિલાઓની ભાગીદારી કેવી છે તે જાણવા માટે ગ્રામસભા અને પંચાયતની મીટીંગમાં હાજર રહીને નિરીક્ષણ દ્વારા કેટલીક માહિતી પ્રાપ્ત કરી હતી. ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિ, મુલાકાત અને નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

આમ, જુદી જુદી સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

## પ્રકરણ – ૨

## પંચાયતી રાજ અને ૭૩મો બંધારણીય સુધારો

### પંચાયતી રાજ શું છે ? :

સ્થાનિક વહીવટ અને ગ્રામ વિકાસના ભગીરથ કાર્ય માટે પંચાયતી રાજ વ્યવસ્થા ઉત્તમ વ્યવસ્થા છે.

સ્થાનિક શાસન, શાસનનું એવું રૂપ છે જેમાં લોકો જાતે જ પોતાની જરૂરિયાતો તથા ભવિષ્યને માટેનો નિર્ણય કરે. તેઓ પોતાનાથી દૂર દૂર એવી સરકાર પર આધાર રાખે નહિ. શાસનના આ સ્વરૂપને ગાંધીજી 'સ્વરાજ' કહેતાં વર્તમાન સમયમાં આ વિચાર 'આપણાં ગામમાં આપણું રાજ' ના સૂત્ર દ્વારા જાણીતો બન્યો છે. આવું સ્થાનિક શાસન એ માત્ર આદર્શ કે સ્વપ્ન નથી તે નવા પંચાયતી રાજ કાયદાથી વાસ્તવિકતા બની શકે તેમ છે. નવા પંચાયતી રાજ કાયદાએ પંચાયતને ગામલોકોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ, ગ્રામસભાના નિર્ણય પ્રત્યે જવાબદાર, સ્ત્રી – પુરુષ અને સૌ જ્ઞાતિની સરખી સહભાગિતાથી સામાજિક ન્યાય અને આર્થિક વિકાસની દિશામાં કામ કરતી કલ્પી છે.

સ્વતંત્રતા પછી ભારતે જુદા જુદા ક્ષેત્રે ઘણો વિકાસ કરેલ છે. પણ હજુ ભારતમાં જીવનનિર્વાહ, વિકાસ અને સ્ત્રી તથા બાળકોના રક્ષણ અંગે ઘણું બધુ થઈ શકે તેમ છે. પાછલા દાયકાઓમાં જુદા જુદા વિકાસ કાર્યક્રમો છતાં આજે લગભગ ૧૦ હજાર શિશુ અને બાળકો દરરોજ મૃત્યુ પામે છે. જેમાં ૨/૩ મૃત્યુને અટકાવી શકાય તેમ છે. જ્યારે ગુજરાતનો બાળક જે આવતી કાલનો નાગરિક છે તે લખી–વાંચી ન શકે, જેનું આરોગ્ય ખરાબ હોય, જે કુપોષણથી પીડાતો હોય, જેનું બાળમજૂર તરીકે શોષણ થતું હોય ત્યાં માત્ર રસ્તાઓ અને મકાનો બાંધવાનો શું અર્થ છે ? ભવિષ્યમાં કોણ સંભાળશે આપણી ખેતી, પશુપાલન, ઉદ્યોગો, કારખાના, હોસ્પિટલો અને શાળાઓ ? આટલા વર્ષો દરમ્યાન મહેનતપૂર્વક અને આયોજનપૂર્વક ગુજરાતે સાધેલા વિકાસ અને મેળવેલી સિધ્ધિઓનો શું અર્થ છે ?

૭૩માં બંધારણી સુધારા અને નવા પંચાયતધારા હેઠળ પંચાયતને બાળકો તથા સ્ત્રીઓની જીવનનિર્વાહ અને વિકાસને લગતી યોજનાઓ જેવી કે આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ, ગ્રામ્ય પાણી–પુરવઠા અને ગ્રામીણ સ્વચ્છતા, આઈ.સી.ડી.એસ.

વગેરેનું યોગ્ય અમલીકરણ થાય છે કે નહીં તે જોવાની સત્તા મળી છે. એટલું જ નહિ, પંચાયત અને તેના સભ્યો આ યોજનાઓને સફળ બનાવવા તથા અસ્પૃશ્યતા, કુપોષણ ગરીબી અને ભેદભાવ દૂર કરવા માટે ઘણું બધુ કરી શકે તેમ છે.

<u>૭૩મા બંધારણીય સુધારો</u> :

ઇ.સ. ૧૯૯૨ના ૭૩મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતોને સરકારનો દરજ્જો મળ્યો છે. એપ્રિલ ૧૯૯૩માં ૭૩મો બંધારણીય સુધારો અમલમાં આવ્યો અને એ પ્રમાણે દરેક રાજ્યોએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લગતા કાયદાઓ સુધાર્યા છે. ભારતના રાજકીય ઇતિહાસમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પહેલીવાર મહિલાઓ માટે કુલ બેઠકોની એક તૃતિયાંશ બેઠકો અનામત રાખવામાં આવી છે. મહિલાઓને સત્તા આપતા આ કાયદાની કેટલીક ખાસ અસરો થઇ છે. ટૂંકમાં આ કાયદાએ મૂક ક્રાંતિ સર્જી છે. અનામતનું આ પગલું આ દિશામાં પહેલુ પગલું છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ અસરકારક ભાગ લઇ શકે એ માટે યોગ્ય સામાજિક, આર્થિક અને રાજકીય વાતાવરણ ઊભું કરવું જરૂરી છે.

સને ૧૯૫૭માં બળવંતરાય મહેતા સમિતિએ સૂચન કર્યું હતું કે ગ્રામ્ય સત્તા એ પંચાયત ગામડાના હિતોનું રક્ષણ કરવા ઉપરાંત સરકારનો વિકાસ કાર્યક્રમ પણ હાથ ધરશે. ગ્રામપંચાયતો સરકારી એજન્સી હોઇને સરકારનો વિકાસ કાર્યક્રમ આગળ ધપાવી શકે.

ગુજરાતમાં પંચાયતી રાજ સને ૧૯૬૩થી અમલમાં આવ્યું હતું. આ પંચાયતી રાજ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ મુજબ ચાલતું હતું. પરંતુ ૧૯૯૨નો ૭૩મો બંધારણીય સુધારા અધિનિયમ અમલમાં આવતાં તેની મહત્વની જોગવાઇઓ સમાવીને ૧૯૯૩માં નવો પંચાયત ધારો- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ઘડવામાં આવ્યો.

આ કાયદા પ્રમાણે -

(૧) પંચાયતો વિકેન્દ્રીત રાજકીય સંસ્થાઓ ગણાય.

(૨) ગ્રામસભા એ પંચાયતનો પાયો ગણાશે. ગામડાના સભ્યો મત આપનાર ગણાશે. પંચાયત ગ્રામસભાને જવાબદાર ગણાશે.

(૩) ત્રણેય સ્તરે સભ્યોની સીધી ચૂંટણી થશે.

(૪) નવા કાયદા પ્રમાણે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી જે તે પંચાયતના ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી ચૂંટીને કરે.

(૫) બધા સ્તરની પંચાયતોમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો.

(૬) તમામ સ્તરે પંચાયતોની કુલ બેઠકોમાંથી ત્રીજા ભાગની બેઠકો સ્ત્રીઓ માટે અનામત છે. ઓરિસ્સા સરકારે તો વળી એવો કાયદો કર્યો છે કે જ્યાં પ્રમુખ પુરુષ હોય ત્યાં ઉપપ્રમુખ મહિલા હોવી જોઈએ.

(૭) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ફાળે આવતી અનામત બેઠકો અને અનામત હોદ્દાઓ પૈકી ત્રીજાભાગની બેઠકો અને હોદ્દાએ તે જાતિની સ્ત્રીઓ માટે અનામત.

(૮) ત્રણેય સ્તરની પંચાયતોમાં અધ્યક્ષો (સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ) ના ત્રીજા ભાગના હોદ્દાઓ સ્ત્રીઓ માટે અનામત અને અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં હોદ્દાઓ અનામત.

(૯) અનામત રાખેલી બેઠકો અને હોદ્દાઓ રોટેશન પદ્ધતિથી જુદા જુદા વોર્ડોમાં કે જુદી જુદી પંચાયતોમાં ફરતા રાખવાની જોગવાઈ.

(૧૦) તમામ સ્તરની પંચાયતોની મુદત પાંચ વર્ષની. જો રાજ્ય સરકાર તેને વહેલી વિખેરી નાખે તો ૬ માસમાં ફરી ચૂંટણી કરવાનું ફરજિયાત.

(૧૧) દરેક રાજ્યમાં પંચાયત માટે જુદું ચૂંટણી પંચ અને નાણાંપંચ નીમવામાં આવશે.

(૧૨) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે પંચાયતો બરાબર કામ કરી શકે એ માટે નાણાં પુરા પાડવા પડશે. આ ઉપરાંત પંચાયતો સ્થાનિક કરવેરાથી નાણાં ઊભા કરી શકશે.

(૧૩) કેટલાક રાજ્યોમાં ન્યાય પંચાયત છે કે જે સ્થાનિક સ્તરે ફરિયાદો ઉકેલે છે.

(૧૪) રાજસ્થાન, હરિયાણા અને ઓરિસ્સા જેવા રાજ્યોએ બે બાળકોથી વધારે બાળકો હોય તેવા ઉમેદવારોને ચૂંટણી માટે નાપસંદ કર્યા છે.

આ કાયદા પ્રમાણે દરેક પંચાયતે ન્યાયપંચ ઊભું કરવું જરૂરી નથી. કાયદાનો હેતુ પંચાયતને વિકેન્દ્રીત લોકો અસરકારક રાજ્યની સંસ્થા ઊભી કરવાનો છે. પણ તેના અનેક વિકાસના કામોમાં તેણે સરકારનું પ્રતિનિધિત્વ પણ કરવાનું છે. નાણાં ઊભા કરવાની પંચાયતની શક્તિ મર્યાદિત છે. પંચાયતોએ જવાહર રોજગાર યોજના અને ઇન્દિરા આવાસ યોજનાઓનો અમલ કરવાનો છે. આ કાયદાથી નવી તકો ઊભી થઇ છે. કે જેમાં ગ્રામ્યજનો પોતાનું ભાવિ નક્કી કરવાનો પ્રયત્ન કરી શકે.

૭૩મા બંધારણીય સુધારાએ પંચાયતી રાજને ઓળખ ઊભી કરી અને સ્વરાજ્યની બંધારણીય બાંહેધરી આપી છે. લોકોના સહભાગીપણાને પ્રોત્સાહિત કરવા અને વહીવટી માળખામાં સમાવવા અગાઉના પ્રયાસો મુખ્યત્વે યોજનાઓ સાથે સંકળાયેલા હતા. પરંતુ ૭૩મા બંધારણીય સુધારાએ ક્રાન્તિકારી પરિવર્તન આણ્યું છે. પંચાયતી રાજ હવે ભારતના બંધારણનો ભાગ બન્યું છે. આ સુધારાનો હેતુ લોકોને તેમની વિકાસની પ્રક્રિયામાં વધુને વધુ સામેલ કરવાનો છે.

૭૩મો બંધારણીય સુધારો રાજકીય સત્તાની વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને વેગવંતી બનાવવાની દિશામાં એક ક્રાન્તિકારી સોપાન છે. આ સુધારાએ તમામ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને બંધારણીય સ્થાન અને મોભો આપ્યા છે. તથા રાજ્ય સરકારીય ઘડતર માટે માળખું પૂરું પાડ્યું છે. ઘણા રાજ્યોએ ૭૩મા બંધારણીય સુધારાને કેન્દ્રમાં રાખીને પોતાના પંચાયત તથા નગરપાલિકા ધારા ઘડયા છે. પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા ત્રિસ્તરીય માળખું અસ્તિત્વમાં છે. પ્રત્યેક સ્તરે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકોની વ્યવસ્થા પણ છે.

<u>સ્ત્રીઓ માટે અનામત</u> :

રાજ્યના ઇતિહાસમાં કદી ન બન્યું હોય તેવી અભૂતપૂર્વ ઘટના ૭૩મા બંધારણીય સુધારાના કારણે બની છે. આટલી મોટી સંખ્યામાં સ્ત્રીઓ પંચાયતોમાં ચૂંટાઇ આવી છે. તેમજ અધ્યક્ષ પદો પણ સંભાળી રહી છે. જો કે સામાન્ય છાપ એવી છે કે ચૂંટાયેલી આ બહેનો મોટે ભાગે તો તેમના વહીવટી કાર્ય એ

પુરુષો પર આધાર રાખે છે. તેમને પોતાને પંચાયતના કામકાજમાં રસ નથી. અને ગતાગમ પણ નથી. તેઓ સાવ અજાણ છે. એટલે તેમના નામે વહીવટ તો ખરેખર પુરુષો જ ચલાવે છે. પરંતુ તેમાં નિરાશ થવાની જરૂર નથી. પરિસ્થિતિમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. સમય જતાં જેમ જેમ સ્ત્રીઓનો વર્ગ સક્રિય અને અસરકારક બનતો જશે તેમ તેમ આ સંસ્થાઓ દ્વારા તેમની ઉન્નતિ માટેનું સામાજિક પરિવર્તન જરૂર સિદ્ધ થઈ શકશે. પરંતુ એ માટેનો શરૂઆતનો ગાળો સ્ત્રીઓ માટે મુશ્કેલીઓથી ભરેલો છે એ પણ એટલું જ સાચું છે.

'ઉન્નતિ' સંસ્થાની પહેલથી રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓએ ૭૯ પંચાયતોમાં સેમ્પલ સર્વે કર્યો હતો. આ અભ્યાસના તારણો આશાસ્પદ છે. અભ્યાસમાં એવું જણાયું હતું કે સ્ત્રીઓ માટે ૩૩ ટકા અનામત બેઠકો હોવા છતાં ૩૭ ટકા બહેનો ચૂંટાઈ હતી. લગભગ ૫૦ ટકા બહેનો પંચાયતના સંગઠનો અંગે માહિતી ધરાવતી હતી. વળી આ જ વિસ્તારની અગાઉ ચૂંટાયેલી બહેનો કરતાં નવી ચૂંટાયેલ બહેનો વધારે ક્રિયાશીલ અને વધારે જાણકારી ધરાવતી હોવાનું જણાયું હતું. કેટલીક બહેનોને તો ઘરના માણસો કે લોકોનો પૂરતા પ્રમાણમાં ટેકો નહિ મળતા છતાં તેની ચિંતા કર્યા વગર તેમણે પંચાયતની નવી કામગીરી એક પડકાર તરીકે ઉપાડી લીધી હતી. આમ બહેનો તરફથી નવા કાયદાને સારો પ્રતિભાવ સાંપડ્યો છે તેવું સ્પષ્ટ જણાય છે.

<u>અનુસૂચિતજાતિ - અનુસૂચિત જનજાતિ માટે અનામત :</u>

અગાઉના પંચાયત ધારામાં પણ અ.જા./ અ.જ.જા. માટે બેઠકો અનામત રાખવામાં આવી હતી. પરંતુ હોદ્દાઓમાં અનામત એ ૭૩માં બંધારણીય સુધારાને કારણે આવેલ છે. અ.જા.ના સરપંચો અનેક સ્થળે છે. પરંતુ ગ્રામીણ સમાજની અત્યારની પરિસ્થિતિમાં અ.જા. સરપંચો સવર્ણ જાતિના વર્ચસ્વ નીચે કામ કરતા હોય છે. તેઓ પોતાનું સ્વતંત્ર કાઠું કાઢે તેવો સમય આવતાં હજુ રાહ જોવી પડશે.

અ.જ.જા. ની મોટાભાગની વસતી ગુજરાતની પૂર્વપટ્ટીમાં વસે છે. જ્યાં તેમની ઠીક ઠીક બહુમતિવાળી બેઠકો આવેલી છે અને ત્યાં વર્ષોથી અ.જ.જા. સરપંચો કામ કરતા આવ્યા છે. આમ અ.જા. કરતાં અ.જ.જા ની પરિસ્થિતિ જુદી પડે છે. જો કે આદિવાસી ગામોમાં પણ આર્થિક રીતે સમૃદ્ધ એવો નાનકડો બિનઆદિવાસી વર્ગ વર્ચસ્વ ધરાવતો હોય એવું પણ જોવા મળ્યું છે.

## પછાતવર્ગો (બક્ષીપંચ) માટે અનામત :

ગુજરાતમાં અનેક ગામોમાં બક્ષીપંચના જ્ઞાતિઓ સારી એવી બહુમતિ ધરાવે છે. પરિણામે ૭૩મા બંધારણીય સુધારો આવ્યો તે પહેલાં પણ સેંકડો સરપંચો આ જ્ઞાતિના હતા. તેથી ૭૩ મા બંધારણીય સુધારાએ વ્યવહારિક પરિસ્થિતિને માત્ર કાયદાકીય સ્વરૂપ આપ્યું છે એમ કહી શકાય.

સંકલન : સમગ્રચર્ચાનું અવલોકન કરતાં કહી શકાય કે ભારતમાં વર્તમાન સમયમાં વસ્તીનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. તેના પ્રમાણમાં વિકાસનાં જે સાધનો છે તે મર્યાદિત છે, આ મર્યાદિત સાધનોનો મહત્તમ ઉપયોગ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ માટે પંચાયતી રાજ સંસ્થાઓ એક અગત્યનું સાધન પુરવાર થાય છે. જે ટોચ ઉપરથી આવતા વિકાસના સ્ત્રોતને તળિયા સુધી લઈ જવાની ક્ષમતા ધરાવે છે. કેન્દ્ર સરકારથી માંડીને છેક ગામડા સુધી સત્તા અને સાધનોનું યોગ્ય વિકેન્દ્રીકરણ કરવા માટેનું તે એક ઉપલબ્ધ સાધન પુરવાર થયું છે. પ્રવર્તમાન આર્થિક મુક્તિકરણના આ વાતાવરણમાં વિકાસના ધ્યેયોને પહોંચી વળવા માટેનું જો કોઈ અસરકારક સાધન હોય તો તે પંચાયતી રાજ સંસ્થાઓ જ છે. એવી પ્રતીતી બધાને થઈ છે. ૭૩મા બંધારણીય સુધારાએ પંચાયતી રાજના ખ્યાલને એક નવી જ દિશા અને પરિમાણ આપ્યાં છે. આ સુધારાને જે મહત્તા મળી છે તેમાં મહાત્મા ગાંધીજીના વિચારોનું ઘણું પ્રદાન છે. તેમણે આઝાદી પહેલા લખેલ ''ગ્રામસ્વરાજ'' નામના પુસ્તકમાં આઝાદ ભારતમાં ગામડાંનો અને તે દ્વારા દેશ અને દુનિયાનો વિકાસ કેવી રીતે થશે તે અંગે સ્પષ્ટ અને સુરેખ વિચારો રજુ કર્યા હતા. સત્ય અને અહિંસાના ખ્યાલો ઉપર આધારિત ને તેમની સમાજરચના માટે તેમણે નીચેથી ઉપર જતાં પાંચ સ્તરોની કલ્પના કરી છે, જેમાં કેન્દ્રબિંદુમાં તેમણે વ્યક્તિને પ્રાધાન્ય આપ્યું છે. તેમની પાંચ સ્તરોની પંચાયતોમાં સૌ પ્રથમ ગ્રામપંચાયતનો સમાવેશ થાય છે. તેમના મત મુજબ સત્તા અને વિકાસની પ્રક્રિયા ગ્રામસ્તરેથી શરૂ થઈ ઉપર ટોચ સુધી જાય. પરિણામે સમગ્ર દેશ સ્વાવલંબી બની સાચા અર્થમાં સ્વતંત્રતા ભોગવી શકે. પરંતુ આઝાદી બાદ ટોચથી તળિયા સુધી સત્તા, અંકુશો દ્વારા વિકાસ કરવાનું જુનું માળખું અપનાવવામાં આવ્યું પરિણામે આપણને હવે જણાય છે કે તેનાથી દેશને ભારે નુકશાન થયું છે.

વર્તમાન વાતાવરણ અને સંજોગોને ધ્યાનમાં રાખીને જોઈએ તો પંચાયતી રાજ પાછળનો ખ્યાલ લોકશાહીને ગામડાં સુધી ફેલાવવાનો રહ્યો છે અને ઘણા રાજકીયપક્ષોએ તે સ્વીકાર્યો છે. ઘણાં લોકો એમ માને છે કે પાંચ વર્ષે એકવાર કેન્દ્રીય લોકસભામાં કે રાજ્યની ધારાસભામાં સામાન્ય નાગરિકો મત આપીને પ્રતિનિધિઓ મોકલી આપે તે આપણા જેવા વિકાસશીલ દેશ માટે પૂરતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો એક વૈચારિક સંકલ્પ તરીકે લોકશાહીમાં લોકોને ભાગીદારીની તક મળવી જોઈએ. આ માટે તળિયાથી ટોચ સુધી લોકોની ભાગીદારીને સ્વીકૃતિ પ્રાપ્ત થાય એવો કાયદાકીય અને માળખાકીય ખ્યાલ કેળવવો જોઈએ. ૭૩મો બંધારણીય સુધારો આ માટેનું એક સીમાચિહ્નરૂપ પગલું છે. ૭૩મા બંધારણીય સુધારામાં દાખલ કરવામાં આવેલી ફરજીયાત અને મરજીયાત જોગવાઈઓને પરિણામે આપણે એટલું જરૂર કહી શકીએ કે સત્તાના વિકેન્દ્રીકરણ માટે સમગ્ર દેશભરમાં મહત્વની કેટલીક એકરૂપતા દેખાવી છે.

## પ્રકરણ - ૩

## આદિવાસી મહિલા સરપંચોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ.

૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસતિ ૪૧૩.૦૯ લાખની છે. તે પૈકી અનુસૂચિત જનજાતિની વસ્તી ૬૧,૬૧,૭૭૫ એટલે કે ૧૪.૯૨ ટકા છે. તેમાં ૩૧,૩૫,૯૪૭ (૫૦.૯૦ ટકા) પુરુષો છે. અને ૩૦,૨૫,૮૨૮ (૪૯.૧૦ ટકા) સ્ત્રીઓ છે. આમ સ્ત્રી - પુરુષના પ્રમાણમાં બહુ તફાવત નથી. એટલે કે આદિવાસી વસ્તીનો લગભગ અર્ધો ભાગ સ્ત્રીઓનો છે. આટલી મોટી સંખ્યામાં સ્ત્રીઓ વિકાસમાં પાછળ રહે તો સમાજનો વિકાસ શક્ય બને નહિ. તેમનો પણ વિકાસ થાય તેવા પ્રયત્નો મોડે મોડે પણ શરૂ થયા છે.

આઝાદી બાદ બંધારણમાં જણાવ્યા મુજબ અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે અનેક પ્રયત્નો શરૂ થયા. તેમાં અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓ માટે પણ અનેકવિધ યોજના શરૂ કરવામાં આવી છે. જેથી તેમનો પણ વિકાસ થઈ શકે. તેઓ પણ આગળ આવે. રાજકીય ક્ષેત્રમાં આદિવાસી બહેનોને પ્રતિનિધિત્વ મળે તે માટે ૭૩મા બંધારણીય સુધારાને કારણે સ્થાનિક પંચાયતોમાં ૩૩ ટકા બેઠકો અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે. એટલે હવે રાજકીય ક્ષેત્રમાં પણ તેમને પ્રતિનિધિત્વ મળ્યું છે. આ એક ક્રાંતિકારી અને પ્રશંસનીય પગલું છે. ભારતના રાજકીય ઇતિહાસમાં પહેલી વખત સ્ત્રીઓને સ્થાનિક પંચાયતોમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. આને કારણે સ્ત્રીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવશે. ખાસ કરીને આદિવાસી સ્ત્રીઓને જાહેર અને રાજકીય ક્ષેત્રમાં આગળ આવવાની તકો લાભ મળવાથી તેમનો વિકાસ થાય. આદિવાસી સ્ત્રીઓમાં ૭૩મા બંધારણીય સુધારાને પરિણામે કઈ રીતે નેતૃત્વ ઊભું થઈ રહ્યું છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી કેવી છે ! સ્થાનિક પંચાયતોમાં તેમને ૩૩ ટકા પ્રતિનિધિત્વ મળ્યું છે તો તેમાં તે પોતે બરાબર કામ કરી શકે છે કે તેને મુશ્કેલી પડે છે ? તેને આ કામગીરી માટે સક્ષમ બનાવવા શું કરવું જોઈએ વગેરેનો અભ્યાસ કરવા વલસાડ જિલ્લાના ધરમપુર અને વલસાડ એમ બે તાલુકા અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ બે તાલુકાઓમાંથી આદિવાસી મહિલા સરપંચોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી.

ધરમપુર તાલુકામાં કુલ ૧૨૦ ગ્રામપંચાયતોમાંથી ૧૨ આદિવાસી મહિલા સરપંચો અને વાંસદા તાલુકામાં કુલ ૮૦ ગ્રામ પંચાયતોમાંથી ૮ આદિવાસી મહિલા સરપંચોને અભ્યાસ માટે લેવામાં આવી હતી. આ મહિલા સરપંચોના કુટુંબ, તેમનું શિક્ષણ, તેમની જાતિ, તેમનો વ્યવસાય, લગ્નનો દરજ્જો, આવક, વગેરે ને લગતી એટલે કે તેમની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને લગતી વિગતોને કોઠાપૂર્વક તપાસીને અહીં મૂકી છે. અભ્યાસમાં વલસાડ જિલ્લાના ધરમપુર અને વાંસદા તાલુકાઓના મહિલા સરપંચો લેવામાં આવેલ. તેમની જાતિ નીચે મુજબ હતી.

<u>કોઠા નં. ૩:૧</u>

| ક્રમ | જાતિનું નામ | મહિલા સરપંચની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુંકણા | ૧૮ | ૯૦ |
| ૨. | ધોડિયા | ૧ | ૫ |
| ૩. | વારલી | ૧ | ૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે કુંકણા જાતિની મહિલા સરપંચો, સૌથી વધારે છે. ધોડિયા જાતિમાંથી માત્ર એક જ મહિલા સરપંચ છે. તેમજ વારલી જાતિમાંથી પણ એક જ મહિલા સરપંચ છે. જો કે વસ્તીની દૃષ્ટિએ તેમજ શૈક્ષણિક દૃષ્ટિએ આમ તો ધોડિયા જાતિના લોકો આગળ છે. પરંતુ ધરમપુર અને વાંસદા તાલુકાઓમાં કુંકણાની વસ્તી વધારે છે. જે ગામમાં કુંકણાની વસ્તી વધારે છે ત્યાં એ જાતિની મહિલા સરપંચ ચૂંટાઈને આવેલ છે, જે ગામમાં ધોડિયા લોકોની વધારે વસ્તી છે ત્યાં ધોડિયા મહિલા સરપંચ ચૂંટાયા છે અને જે ગામમાં વારલી જાતિના લોકો વધારે છે ત્યાં વારલી મહિલા સરપંચ ચૂંટાઈ આવેલ છે. આ તાલુકાઓમાં મહિલા સરપંચોમાં કુંકણા જાતિની મહિલા સરપંચોનું પ્રમાણ સૌથી વધુ હતું અને ધોડિયા તેમજ વારલી જાતિની મહિલા સરપંચોનું પ્રમાણ ઓછું હતું. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ તાલુકાઓમાં કુંકણાની વસ્તી ધોડિયા અને વારલી જાતિના આદિવાસીઓ કરતાં વધુ હતી.

**કોઠા નં.: ૩**

**મહિલા સરપંચનું શિક્ષણ દર્શાવતો કોઠો**

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વાંચી-લખી શકે | ૧ | ૫ |
| ૨. | પ્રાથમિક | ૬ | ૩૦ |
| ૩. | માધ્યમિક | ૧૧ | ૫૫ |
| ૪. | ઉચ્ચતર | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે કે આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ તો છે પણ પ્રાથમિક અને માધ્યમિક કક્ષા સુધીનું જ છે. ઉચ્ચ શિક્ષણ સુધી બહુ ઓછી સ્ત્રીઓ પહોંચી શકી છે. મહિલા સરપંચોમાં કોઈ અભણ સ્ત્રી જોવા મળી નથી. એક વાંચી લખી શકે છે તેવા મહિલા સરપંચ છે. તેમજ છ એટલે કે ૩૦ ટકા પ્રાથમિક શિક્ષણ ધરાવતી મહિલા સરપંચો છે. જ્યારે માધ્યમિક શિક્ષણ ધરાવતી મહિલા સરપંચોનું પ્રમાણ સૌથી વધારે (૫૫ ટકા) છે. જ્યારે ઉચ્ચતર શિક્ષણ ધરાવતી ફક્ત બે જ મહિલા સરપંચો છે. આમ, એકંદરે આદિવાસી મહિલાઓમાં આપણે આગળ જોયું તે મુજબ શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

**<u>આદિવાસી મહિલા સરપંચોની આર્થિક પરિસ્થિતિ :</u>**

અભ્યાસમાં લીધેલી આદિવાસી મહિલા સરપંચોની આર્થિક પરિસ્થિતિ એ જોઈએ તો તેઓ મુખ્યત્વે ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરતાં જણાય છે. જેમની પાસે જમીન ઓછી છે તેવાં કેટલાંક લોકો ખેતી ઉપરાંત ખેતમજુરી પણ કરતાં જણાય છે. તેમની અર્થવ્યવસ્થાના અભ્યાસ કરતાં સ્પષ્ટપણે જણાય છે કે તેઓ મુખ્યત્વે ખેતી અને ખેતમજુરી કરી જીવનનિર્વાહ કરે છે. જમીન નાના નાના ટુકડાઓમાં વહેંચાયેલી છે. બહુ થોડા લોકો પૂરતી જમીન ધરાવે છે. તેઓ આખો દિવસ સખત મહેનત અને મજૂરી કરે છે. પરંતુ ખેતીના અવિકસિત સાધનો, સિંચાઈની અપૂરતી સગવડ, ખેતીની જુની પુરાણી પધ્ધતિ તેમજ ખેતી અંગેના વૈજ્ઞાનિક જ્ઞાન અને તાલીમનો અભાવ વગેરેને કારણે તેઓ પુરતુ ઉત્પાદન પ્રાપ્ત કરી શકતા નથી.

આદિવાસીઓની અર્થવ્યવસ્થા મોટેભાગે નિભાવલક્ષી (Subsistance) હોય છે. જરૂરિયાત પૂરતુ જ ઉત્પાદન થતું હોવાથી ખાસ બચત થતી નથી. પરિણામે તેમણે અનિવાર્યપણે પૂરક આવક મેળવવા માટે અન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવી પડે છે. પૂરક આવક મેળવવા માટે અનુસૂચિત જનજાતિના લોકો પશુપાલન, ખેતમજૂરી, જંગલની પેદાશો એકઠી કરવી, તેમજ ઘર વપરાશને લગતી ચીજવસ્તુઓ બનાવવાનો હુન્નર ઉદ્યોગ કરતા હોય છે. આ બધા કાર્યો મોટેભાગે સ્ત્રીઓ જ કરતી હોય છે. આટલી બધી મહેનત કરે છે ત્યારે માંડ પેટ પૂરતું ખાવાનું મેળવી શકે છે. જો કે અભ્યાસ હેઠળના મહિલા સરપંચોની આર્થિક પરિસ્થિતિ પ્રમાણમાં સારી જણાય છે. કારણ કે કુલ ૨૦ મહિલા સરપંચોમાંથી ચારના પતિઓ શિક્ષક છે. એક બેંકમાં મેનેજર છે. બે મહિલા સરપંચોને દળવાની ઘંટી છે. અને એક મહિલા સરપંચના પતિ ટેમ્પો ચલાવે છે. એક મહિલા સરપંચના પતિ સરકારી અધિકારી છે. તેમજ ક્રુઝ જીપ ચલાવે છે. એક મહિલા સરપંચ પોતે શિક્ષિકા છે અને એક મહિલા સરપંચ બાલવાડીમાં શિક્ષિકા છે. આમ, એકંદરે લોકો સુખી જણાય છે કારણ તેમની પાસે આવકનું કોઈ ને કોઈ સાધન છે. નોકરી કરતા લોકોને નિયમિત આવક મળે છે. જ્યારે નોકરી વગરનાને એટલે કે માત્ર ખેતી અને ખેતમજૂરી પર આધાર રાખનારાને નિયમિત આવક નથી મળતી. પણ એકંદરે લોકોની આર્થિક સ્થિતિ સારી છે તેઓની વાર્ષિક આવક નીચે મુજબ છે.

<u>કોઠા નં. ૩:૪</u>

<u>કુટુંબની વાર્ષિક આવક</u>

| ક્રમ | વા.આવક (રૂપિયામાં) | કુટુંબની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૦ હજારથી ૨૦ હજાર | ૬ | ૩૦ |
| ૨. | ૨૧ હજારથી ૩૦ હજાર | ૬ | ૩૦ |
| ૩. | ૩૧ હજારથી ૪૦ હજાર | - | - |
| ૪. | ૪૧ હજારથી ૫૦ હજાર | ૬ | ૩૦ |
| ૫. | ૫૧ હજારથી વધારે | ૨ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે દરેકને થોડીઘણી આવક તો મળે જ છે. કારણ દરેક પાસે થોડીઘણી જમીન છે. એટલે ખેતી દ્વારા તેમજ કેટલાકની

જમીનમાં ચોખા, શેરડી, કેરી અને ચીકુ જેવા ફળો પણ થાય છે, જેથી તેમાંથી આવક મળે છે. આ ઉપરાંત જેઓ શિક્ષણ લઈ આગળ આવ્યા છે તેઓ ઉચ્ચ હોદ્દા પર નોકરી કરતા હોવાથી તેમની આવક સારી છે. આમ જુદા જુદા વ્યવસાય દ્વારા તેઓ આજીવિકા મેળવે છે. અને એકંદરે આર્થિક સ્થિતિ સુધારા પર છે એમ જણાય છે. કોઠામાં જણાવ્યા મુજબ વાર્ષિક રૂા. ૧૦ હજારથી ૨૦ હજારની આવક ધરાવતા ૭ કુટુંબો છે રૂપિયા ૨૧ હજારથી ૩૦ હજારની આવક ધરાવતા કુટુંબો પણ છે છે. રૂપિયા ૩૧ હજારથી ૪૦ હજાર સુધીની આવકવાળા એક પણ કુટુંબ નથી. જ્યારે ૪૧ હજારથી ૫૦ હજાર રૂપિયાની આવક ધરાવનારા કુટુંબોની સંખ્યા ૭ ની છે, અને ૫૦ હજારથી ઉપર આવક ધરાવતા કુટુંબોની સંખ્યા બેની છે.

**દેવું :**

દેવાની બાબતમાં તેઓમાંથી મોટાભાગના એ જણાવેલ છે કે તેઓને દેવું નથી. માત્ર બે ત્રણ ઉત્તરદાતાઓએ લોન લીધેલી તે એનું દેવું છે. એક ઉત્તરદાતાએ શેરડી માટે લોન લીધેલી છે, એકે ટેમ્પો માટે અને એક ઉત્તરદાતાએ કૂવા અને મશીન માટે લોન લીધેલી હતી. એટલે તે એનું દેવું છે.

**કુટુંબ વ્યવસ્થા :**

દરેક સમાજમાં કુટુંબ એ એક સાર્વત્રિક અને પાયાની સંસ્થા તરીકે કાર્ય કરે છે. આ આદિવાસી સમાજમાં પણ કુટુંબ એક પ્રાથમિક અને મહત્વનું એકમ છે. અન્ય સમાજોની જેમ કુકણા અને ધોડિયા આદિવાસીઓની સામાજિક સંરચનામાં પણ કુટુંબ એક પાયારૂપ એકમ બની રહે છે. તેઓમાં પણ મુખ્યત્વે પિતૃસત્તાક અને પિતૃવંશી કુટુંબવ્યવસ્થા છે. એટલે કે બાળકોને પિતા તરફથી નામ, વંશ, વારસો, મિલકત વગેરે પ્રાપ્ત થાય છે. પરંતુ જે આદિવાસીઓમાં ખંધાડ (ઘરજમાઈ) પ્રથા છે તેમાં માતૃસત્તાકનો થોડો અંશ જોવા મળે છે તે કુટુંબમાં પતિ પરણીને પત્નીના કુટુંબમાં રહેવા જાય છે. અને તેથી પત્ની અને તેના પિતા અને ભાઈનું મહત્વ કુટુંબમાં વિશેષ હોય છે.

ખંધાડ લાવનાર પુત્રીને પિતા તરફથી વિભક્ત (જમીન) પ્રાપ્ત કરવાનો હક્ક હોય છે અને તે પુત્રીને નામે જ હોય છે. ઘરજમાઈ (ખંધાડ)ને નામે નથી હોતી. કુંકણા તથા ધોડિયા અને વારલી આદિવાસીઓમાં આ પ્રથા છે.

કુટુંબના કદ એટલે કે સભ્યોની સંખ્યા અને પેઢીના આધારે સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ એવા પ્રકારની કુટુંબવ્યવસ્થા પણ આ આદિવાસીઓમાં છે. સામાન્ય રીતે એક જ પેઢીના સભ્યો એટલે કે માતાપિતા અને તેમના અપરિણીત સંતાનો સાથે રહેતા હોય તેને વિભક્ત કુટુંબ કહેવાય છે પરંતુ એકથી વધારે પેઢીના પરિણિત સંતાનો અને અન્ય સગાઓ સાથે રહેતા હોય તેને સંયુક્ત કુટુંબ કહેવાય છે.

કોઠા નં. ૩:૫

મહિલા સરપંચોની કુટુંબ વ્યવસ્થા

| ક્રમ | કુટુંબનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સંયુક્ત કુટુંબ | ૯ | ૪૫ |
| ૨. | વિભક્ત કુટુંબ | ૧૧ | ૫૫ |
| | કુલ | ૨૦ | ૧૦૦ |

પ્રસ્તુત કોઠા પરથી જાણવા મળે છે કે આ લોકોમાં વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધારે એટલે કે ૧૧ (૫૫ ટકા) કુટુંબો વિભક્ત છે, જ્યારે ફક્ત નવ કુટુંબો (૪૫ ટકા) સંયુક્ત કુટુંબો છે. લગ્ન પછી સગવડ હોય તો છોકરો પોતાનું અલગ ઘર બનાવી રહે છે. અને હવે તો નોકરીને લીધે પણ છોકરાઓ જુદા જુદા ગામ જ્યાં નોકરી હોય ત્યાં અલગ રહેતા જોવા મળે છે. તેથી વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધારે જોવા મળે છે.

આ કુટુંબોનો વ્યવસાય આપણે આગળ જોયું તે મુજબ મુખ્યત્વે ખેતી અને ખેતમજૂરી છે. ઉપરાંત ગૌણ આર્થિક પ્રવૃત્તિઓ તો ખરી જ અને શિક્ષિત લોકો નોકરી પણ કરે છે. એકાદ બે વ્યક્તિઓ દળવાની ઘંટી અને ટેમ્પો તેમજ જીપ ચલાવવાનું કામ કરે છે.

કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ પહેલાં કરતાં પ્રમાણમાં થોડું સુધર્યું છે. પરંતુ બહુ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વધારે છે. ઉચ્ચ શિક્ષણમાં બહુ ઓછો લોકો જાય છે. આમ તો ધોડિયા આદિવાસીઓ શિક્ષણ અને આર્થિક દૃષ્ટિએ કુકણા કરતાં આગળ છે. પરંતુ અભ્યાસ પરથી જણાય છે કે હવે કુકણા લોકો પણ શિક્ષણમાં અને આર્થિક દૃષ્ટિએ આગળ વધવા લાગ્યો છે. જો કે તેનું પ્રમાણ ઘણું ઓછું છે. પણ પ્રગતિની દિશા તરફ પ્રયાણ છે તે વાત ચોક્કસ છે.

## પ્રકરણ – ૪

## ૭૩મો બંધારણીય સુધારો અને મહિલાઓની રાજકીય ભાગીદારી

જાતિની ( Gender ) સમાનતાનો પ્રશ્ન લોકશાહી પ્રક્રિયા સાથે મૂળભૂત રીતે જોડાયેલો છે અને તેના અનુસંધાને બંધારણના ૭૩મા સુધારાનું મહત્વ વધી જાય છે. વિશ્વસ્તરે જાતિની સમાનતાનો પ્રશ્ન એક પડકાર રૂપે માથું ઉંચકી રહ્યો છે. વિકાસશીલ દેશોની કેટલીક સરકારોએ હમણાં મહિલાઓની સ્થિતિ સુધારવા પગલાંઓ લીધા છે. દેશના બંધારણમાં મહિલાઓ અને પુરુષો વચ્ચેની સમાનતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વાસ્તવિકતા એ છે કે જીવનના તમામ ક્ષેત્રોમાં મહિલાઓ પુરુષોની પાછળ રહી છે. પંચાયતો તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓને ૧/૩ પ્રતિનિધિત્વ સાંપડયું છે, પરંતુ વિધાનસભા તેમજ લોકસભામાં એમને એ પ્રતિનિધિત્વ મળ્યું નથી, કેન્દ્ર સરકારે તાજેતરમાં મહિલાઓ, બાળાઓ તેમજ કિશોરવયની બાળાઓ સામે જાહેરમાં તેમજ ખાનગીમાં તમામ પ્રકારની હિંસા કે અત્યાચારો નાબૂદ કરી એમના ઉત્કર્ષ માટેની રાષ્ટ્રીય નીતિનો એક ખરડો તૈયાર કર્યો છે. દેશમાં વિવિધ સ્થળે મહિલાઓ પરના બળાત્કારો અને છેડતીના બનાવો વધતા જાય છે. દહેજનો કડક કાયદો હોવા છતાંય દહેજને કારણે મૃત્યુ પામેલી મહિલાઓના અપમૃત્યુના કિસ્સાઓ વધતા જાય છે. તો બધા કાયદા શા કામના ?

વાસ્તવમાં મહિલાઓ પ્રત્યેના અભિગમમાં સામાજિક પરિવર્તન ના આવે, સમાજમાં એ માટેની જાગૃતિ ના આવે ત્યાં સુધી કોઈ નોંધપાત્ર ફરક પડવાની આશા નથી. સરકારની મહિલાઓ અંગેની રાષ્ટ્રીય નીતિનો ઉદ્દેશ ગમે તેટલો ઉમદા હોય પણ વ્યવહારમાં એનો અમલ ના કર્યો હોય તો એનું કોઈ ફળદાયી પરિણામ આવવાનું નથી.

સરકારે એની નીતિના ખરડામાં જણાવ્યા પ્રમાણે એનો પ્રયાસ જીવનના તમામ ક્ષેત્રોમાં શિક્ષણ, આરોગ્ય, જમીન અને અન્ય મિલકત, માહિતી, જ્ઞાન, ટેકનોલોજી વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ અને પુરુષોને વચ્ચે સમાન તકો ઊભી કરવાનો છે. મોટા શહેરોની શિક્ષિત મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં આગળ આવવાનો પ્રયાસ કરે છે. પરંતું ગામડાંની અશિક્ષિત મહિલાઓને

ઘરની ચાર દિવાલ વચ્ચેની કામગીરી સિવાય અન્ય કઈ તક મળી છે ? હજી કન્યા શિક્ષણમાં પણ મહિલાઓ કેટલી પાછળ છે ? તે જોવાથી તો હૃદય દ્રવી ઉઠે છે. જે દેશમાં બાળાનો જન્મ પણ કુટુંબમાં આવકારદાયક બનતો ના હોય એ દેશમાં એના વિકાસ અને ઉત્કર્ષની તકોની વાત જ શી કરવી ? એના ઉછેરમાં પણ ભેદભાવ રહે તો હોય ત્યાં એનો વિકાસ રૂંધાય જાય છે. આ બધી પાયાની બાબતોનો વિચાર માંગી લે તેમ છે.

<u>ધારાગૃહો અને મહિલાઓ :</u>

બંધારણના ૭૩મા સુધારાને પરિણામે દેશની પંચાયતોમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. એના પરિણામે દેશના વિવિધ રાજ્યોની પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં લગભગ ૧૮૦૦૦ જેટલી મહિલાઓને પ્રતિનિધિત્વ મળ્યું છે. આ અગાઉ પણ પંચાયતોમાં કેટલીક મહિલાઓને પ્રતિનિધિત્વ મળ્યું હતું. પરંતુ પંચાયતની નિર્ણય પ્રક્રિયામાં એમનો કોઈ હિસ્સો ન હતો. મહિલાઓના વિકાસ અંગેના કાર્યક્રમમાં હવે પછીનું તર્કસંગત પગલું નિર્ણયાધીન પ્રક્રિયામાં તેમને ભાગ લેતી કરવાનું છે. વસતિમાં તેમનું પ્રમાણ અર્ધું હોઈને લોકશાહી પ્રક્રિયામાં તેમની ભાગીદારી એ પાયાની વસ્તુ છે. લોકશાહીના યોગ્ય અમલીકરણ અને નિર્ણય લેવા માટે ભારત જેવા મહાન રાષ્ટ્રમાં વિકેન્દ્રીકરણને જરૂરી માન્યું છે. વળી જ્યારે વસતિનો મોટો ભાગ ગ્રામ્ય પ્રદેશમાં વસે છે ત્યારે પંચાયત રાજ્ય મારફત મહિલાઓને અધિકાર આપવાની બાબત વધારે અગત્યની બને છે. આ માટે હાલનો બંધારણીય સુધારો વિકેન્દ્રીત વહીવટી અને નિર્ણયાધીન વ્યવસ્થા પર ભાર મૂકીને મહિલાઓને પાયાની સંસ્થાઓ મારફત ભાગ લેવા સૂચવે છે.

બંધારણીય સુધારાઓ બાદ પંચાયતો તેમજ કોર્પોરેશનોમાં મહિલાઓ અધ્યક્ષ સ્થાને બેઠી છે. આમ જીવનના વિવિધ ક્ષેત્રો તેમજ વેપાર અને ઉદ્યોગોમાં પણ મહિલાઓ સફળતાપૂર્વક કામ કરી રહી છે. તો જે મહિલાઓએ રાષ્ટ્રપિતા ગાંધીજીની આગેવાની હેઠળ દેશના સ્વાતંત્ર્ય જંગમાં ભાગ લીધો હતો તે રાજકારણમાં પણ નિર્ણાયક ભાગ કેમ ભજવી ના શકે ? સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખ્યા બાદ હવે તો રાજ્યોની વિધાનસભાઓ તેમજ સંસદમાં પણ ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે

અનામત રાખવાની હિમાયત થઈ રહેલ છે. દેશના વડાપ્રધાન તરીકે સ્વ. ઈન્દિરા ગાંધી કુશળ કામગીરી કરી શક્યાં હતાં. સુચેતા કૃપલાની માયાવતી અને જયલલિતા રાજ્યોના મુખ્યમંત્રી બની શક્યાં છે. મુસ્લીમ રાષ્ટ્રોમાં મહિલાઓ પ્રત્યે પૂર્વગ્રહ હોવા છતાંય બેનઝીર ભુટ્ટો અને હસીના શેખ વડાપ્રધાન બની શક્યા છે.

આમ છતાંય ભારતની સંસદમાં મહિલાઓને નામનું પ્રતિનિધિત્વ મળ્યું છે. ૭૩મો સુધારો પસાર થયા બાદ લોકસભાની તેમજ કેટલાંક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી થઈ તો પણ રાજકીય પક્ષોએ કેટલી મહિલાઓને ચૂંટણીમાં ઊભા રહેવાની ટિકિટ આપી ? લોકસભાની તાજેતરની (જુલાઈ-૧૯૯૬) ચૂંટણીબાદ કુલ ૫૩૯ બેઠકોમાં માત્ર ૩૬ મહિલાઓ ચૂંટાયેલી છે. એમની ટકાવારી માત્ર ૬.૭ ટકાની છે. '૫૨થી અત્યાર સુધી થયેલી લોકસભાની ચૂંટણીમાં મહિલાઓનું સૌથી વધુ પ્રતિનિધિત્વ ૧૯૮૪-૮૫માં હતું. એ વખતે લોકસભાની ૫૪૨ બેઠકોમાંથી માત્ર ૪૨ બેઠકો પર મહિલાઓ ચૂંટાઈ હતી એમની ટકાવારી ૭.૭ ટકાની હતી.

રાજ્યોની વિધાનસભામાં તો એમનું પ્રતિનિધિત્વ એથી પણ ઓછું હતું. ઉત્તર પ્રદેશની ૧૯૯૩ની વિધાનસભાની ચૂંટણીમાં એની કુલ ૪૨૫ બેઠકોમાં ૧૨ મહિલાઓ જ ચૂંટાયેલી હતી. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં શિક્ષણ ક્ષેત્રે મોખરે રહેલા કેરળમાં પણ ૧૯૯૧થી વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૦ બેઠકોમાંથી માત્ર ૮ જ મહિલાઓ ચૂંટાયેલી હતી. આમ રાજકારણ એ જાણે કે પુરુષોનો ઇજારો હોય તેમ રાજકીય પક્ષોએ સ્વેચ્છાએ મહિલાઓને સમકક્ષ ગણીને ઉદારતાથી ટિકિટો આપી નથી. હવે તો પોલીસ અને સંરક્ષણ જેવાં ક્ષેત્રોમાં તેમજ અવકાશ શોધમાં મહિલાઓએ પ્રવેશ કર્યો છે. પરંતુ રાજકારણમાં પ્રતિનિધ્વ ઓછું છે.

દિલ્હીમાં યોજાયેલા એક પરિસંવાદમાં સંસદ તેમજ રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટેના ૩૩ ટકા અનામત અંગે માજી વડાપ્રધાન શ્રી વી.પી. સિંહ, શ્રીમતી માર્ગારેટ આલ્વા, શ્રીમતી પ્રમિલા દંડવતે વગેરેએ મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની હિમાયત કરતાં સ્પષ્ટ કર્યું હતું કે "આ જોગવાઈને મહિલાઓ માટેના કલ્યાણ કાર્યક્રમ તરીકે ના જોતાં એને સત્તા આપવાની વ્યૂહરચના તરીકે જોવું જોઈએ." પરંતુ આજ

દીવાલોની બહાર મહિલાઓને સત્તા અને સન્માનીય દરજ્જો આપવામાં નહીં આવે ત્યાં સુધી ઘરનાં વાતાવરણમાં પણ એમને આદરનું સ્થાન નહીં મળે.

<u>સ્ત્રી ભાગીદારીની શરૂઆત</u> :

સામાન્ય રીતે રાજકીય હોદ્દા અને રાજકારણ કાવાદાવાના ક્ષેત્ર તરીકે જાણીતા હોવાથી તે પુરુષોની વિભાગો મનાયા છે. કારણ કે સ્ત્રીઓ કોમળ, નાજુક અને શાંત મનાઈ હોવાથી રાજકારણથી એમને બને ત્યાં સુધી દૂર રાખવામાં આવે છે. ભૂતકાળમાં પણ બહુ ઓછી સ્ત્રીઓ રાજ્યસત્તા માટે ઝૂઝી હતી. પરંતુ ઓગણીસમી સદીની શરૂઆતમાં વિશ્વભરના દેશોએ નવા આર્થિક અને રાજકીય પ્રવાહોનો અનુભવ કર્યો. એક તરફ ઔદ્યોગિકકરણ, શહેરીકરણ, સ્થળાંતર અને મૂડીવાદી ઉત્પાદનની પ્રક્રિયા અને બીજી તરફ ફ્રેન્ચક્રાંતિ, જુદા જુદા સ્થાનિક બળવા, સંસ્થાનવાદ, દેશોની લડતો જેવા રાજકીય પ્રવાહો એ લોકોમાં એક નવા પ્રકારની જાગૃતિ આણી હતી. રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદનો ખ્યાલ જન્મ્યો હતો. ભિન્ન ભિન્ન પ્રાંતો, ભાષાઓ, બોલીઓ, ધર્મ, અને સંસ્કૃતિ વડે રચાયેલા ભારત જેવા દેશે એક રાષ્ટ્રધ્વજ હેઠળ આવવાનો નિર્ણય કર્યો. પરદેશી સત્તાને હાંકી કાઢવાની તેની અહિંસક લડત અનોખી હતી. આ અહિંસક લડતમાં ગાંધીજીએ સ્ત્રીઓને પણ સામેલ કરી હતી. રાષ્ટ્રીય આઝાદીથી ભારતમાં થોડીક સ્ત્રીઓથી સ્ત્રી ભાગીદારીની શરૂઆત થઈ હતી. સ્ત્રીઓએ સરઘસ કાઢ્યાં, પીકેટીંગ કર્યું, સાહિત્ય વેચ્યું, સભા-સરઘસમાં જોડાયું, પોલીસની લાઠી ખાધી અને જેલમાં જવું વગેરે કાર્યક્રમોમાં સક્રિય ભાગ લીધો હતો. કેટલીક સ્ત્રીઓએ તો નેતાગીરી પણ સંભાળી હતી. સ્ત્રીઓની આ રાજકીય ભાગીદારીને કારણે તેમનામાં રાજકીય જાગૃતિ આવી. અને તેને પરિણામે ૧૯૧૭માં બંધારણીય સુધારા અંગે ચાલેલ મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ કમિશન પાસે તેમણે સ્ત્રીઓના મતાધિકારની વાત મૂકી. રાજકીય જાગૃતિને કારણે તેમણે સંગઠિત થવાનું શરૂ કર્યું. વીસમી સદીની શરૂઆતમાં ધ વિમેન્સ ઇન્ડિયન નેશનલ કાઉન્સીલ ફોર વિમેન (૧૯૨૫) અને ઓલ ઇન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ (૧૯૨૭) જેવાં સ્ત્રી સંગઠનો ભારતમાં સ્થપાયા. આ પ્રકારના સંગઠનો સ્થપાવાથી સ્ત્રી સમાજ- સમાનતાની ચળવળમાં એક નવું પ્રકરણ ઉમેરાયું. સ્ત્રીઓની લડતને ગાંધીજીનો સંપૂર્ણ ટેકો

હતો. ૧૯૨૯માં યંગ ઈન્ડિયામાં તેમણે લખ્યું કે ''સ્ત્રીઓના હકકો માટે તે કોઈપણ જાતની બાંધછોડ કરવા તૈયાર થશે નહીં.'' તેમણે જણાવેલું કે સ્ત્રીઓને મત આપવાનો અધિકાર અને સમાન ધારાકીય દરજ્જો હોવો જોઈએ. સ્ત્રીઓને ધારાકીય દરજ્જો ત્યારે મળેલો કહેવાય જ્યારે સ્ત્રીઓ રાષ્ટ્રના રાજકીય આદાનપ્રદાનમાં સક્રિય ભાગ લેતી થાય.

ગાંધીજીના નેતૃત્વ હેઠળ આવેલા રાષ્ટ્રપ્રેમ નેતાઓએ સ્ત્રીઓના અધિકારની તેમજ સક્રિય રાજકીય ભાગીદારીની વાત તરત જ સ્વીકારી લીધી. આ પ્રમાણે ભારતમાં સ્ત્રીઓને કાયદાઓના ટેકા સાથે બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો. સમયની માંગ સાથે કાયદાઓમાં જરૂરી સુધારા અને ફેરફારો કરવામાં આવ્યા છે. જરૂર લાગે ત્યાં નવા કાયદાઓ પસાર કરી સ્ત્રીઓને વધારે હકકો અને સરક્ષણ આપવામાં આવ્યા છે. સ્વતંત્ર ભારતમાં બંધારણની કલમ ૧૫ અન્વયે લિંગભેદ વગર સ્ત્રીઓને મુક્ત મતાધિકાર દ્વારા રાજકીય સમાનતા પ્રાપ્ત થઈ છે. સ્ત્રીઓની આ સિધ્ધિ નાનીસૂની નથી. પશ્ચિમના દેશોની સ્ત્રીઓને ખૂબ લાંબી લડત પછી પ્રાપ્ત થયેલો રાજકીય અધિકાર ભારતીય સ્ત્રીઓને પ્રમાણમાં સહેલાઈથી મળી ગયો એમ કહી શકાય. સ્વતંત્રતા પછી મતના અધિકારથી સ્ત્રીઓના રાજકીય દરજ્જામાં પરિવર્તન આવ્યું છે. આ ક્રાંતિકારી પરિવર્તન પાછળ બે મહત્વના પરિબળો હતા. (૧) રાષ્ટ્રીય ચળવળમાં સ્ત્રીઓની ભાગીદારી અને અને (૨) ગાંધીજીની નેતાગીરી.

સ્ત્રીઓની ઓછી ભાગીદારી માટે સામાજિક સંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ આર્થિક કારણો જવાબદાર છે. રાજકીય જવાબદારી અને રાજકારણ વ્યક્તિનો પૂરો સમય માંગી લે છે. આ ઉપરાંત સ્ત્રીઓને પત્ની અને બાળકોની જવાબદારી હોવાથી રાજકીય પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લઈ શકતી નથી. વળી સમાજના ધારાધોરણો પરંપરાઓ અને રૂઢિઓ અને મૂલ્યો સ્ત્રીઓને તેમની મૂળભૂત જવાબદારી અવગણીને સમગ્ર કાર્યની જવાબદારી સંભાળવાની [illegible] નથી. આ ઉપરાંત (શિક્ષણ ઓછું હોવાથી) તેઓને છાપા માસિકો કે પુસ્તકો વાંચવાની ફુરસદ મળતી નથી. તેથી રોજબરોજના બનાવોથી અજાણ રહે છે. જાહેરક્ષેત્રમાં ભાગ લેવાનો નિર્ણય પણ તેઓ જાતે કરી શકતી નથી.

**સ્ત્રીઓનો રાજકીય દરજ્જો :**

ડૉ. રૂપના શાહે જણાવેલ છે તેમ ''સ્ત્રીઓનો રાજકીય દરજ્જો એટલે સત્તામાં તેમની ભાગીદારી અને સત્તા ચલાવવામાં તેમજ તેનું સ્વરૂપ નક્કી કરવામાં સ્ત્રીઓને સાંપડતી સ્વતંત્રતા અને સમાનતાની જેટલી માત્રા તેટલો તેમનો રાજકીય દરજ્જો જાહેર બાબતો અંગે નિર્ણય લેવાની સત્તા, સ્વતંત્રતા અને સમાનતાના માપ વડે તે વ્યક્તિનો દરજ્જો નક્કી કરી શકાય છે.'' સ્વતંત્ર ભારતના બંધારણે સ્ત્રીઓને સમાનગણી છે. સ્ત્રીઓનો દરજ્જો ઊંચો અને સમાન લાવવા કેટલાંક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. પરંતુ આ સર્વ પ્રયત્નો છતાં સ્ત્રીઓનો રાજકીય દરજ્જો અને રાજકીય ક્ષેત્રે ભાગીદારી સંતોષકારક નથી. બિન આદિવાસી સ્ત્રીની આ દશા છે તો આદિવાસી સ્ત્રીની તો વાત જ ક્યાં કરવી ? આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ સાવજ ઓછું હોવાથી રાજકીય જાગૃતિ અને રાજકીય સક્રિયતાનો અભાવ જોવા મળે છે.

પરંતુ બંધારણના ૭૩મા સુધારાને કારણે રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓ કામ કરતી થઈ છે. બંધારણના આ સુધારાથી પંચાયતે બંધારણમાં સ્થાન મેળવ્યું છે. કારણ કે આ સુધારો ગ્રામ્ય ભારતના રાજકીય માળખા તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સમાજના નબળા વર્ગો, મહિલાઓ અને અનુસૂચિત જનજાતિ અને તેના માળખામાં ભાગ લઈ શકે તેવી જોગવાઈ છે.

**ગુજરાત રાજ્યમાં ૭૩મો બંધારણીય સુધારો :**

બંધારણના ૭૩મા સુધારા અન્વયે ગુજરાત સરકારે હાલના ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ને સ્થાને નવો જ પંચાયત અધિનિયમ-૧૯૯૩ ઘડયો છે. આ ધારાની જોગવાઈ અન્વયે ત્રિસ્તરીય પંચાયતોમાં મહિલાઓ માટે કુલ ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. આથી ત્રિસ્તરીય પંચાયતમાં સભ્ય તરીકે તેમજ પદાધિકારી તરીકે મહિલાઓનું યોગદાન ઘણું મહત્વનું અને અનિવાર્ય બનશે. મહિલાઓ તેમની આ જવાબદારી સફળતાપૂર્વક અને ક્ષમતાપૂર્વક પાર પાડી શકે તે દ્રષ્ટિએ રાજ્ય સરકારે વિચાર્યું છે કે મહિલાઓને જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષાએ તેમજ અનુકૂળ હોય તો ગ્રામકક્ષાએ ટૂંકી મુદતની શિબિરોનું

આયોજન કરીને મહિલાઓને નવા પંચાયતી ધારાની જોગવાઈઓ વ્યાપ, પંચાયતી તંત્રની માળખાકીય રચનાનો ખ્યાલ તેમજ પદાધિકારીઓની હકકો અને ફરજો, સ્થાનિક કક્ષાએ વિકાસના કાર્યોમાં કઈ રીતે સક્રિય બનવું વગેરે બાબતોની જાણકારી આપવી જરૂરી છે.

આ પરથી જોઈ શકાય છે કે પંચાયતી રાજના નવા સુધારાની સૌથી મહત્વની અને સૌથી વધુ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે તેમાં સ્ત્રીઓને ત્રીજા ભાગનું પ્રતિનિધિત્વ મળ્યું છે. ૧૯૬૨થી શરૂ કરવામાં આવેલા પંચાયતી રાજના વિકાસમાં આ પગલું એક માઈલ સ્તંભ ગણી શકાય.

ભારતના રાજકીય ઈતિહાસમાં આને કારણે એક પાયાનું પરિવર્તન શરૂ થાય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પહેલીવાર મહિલાઓ માટે કુલ બેઠકની એક તૃતિયાંશ બેઠકો અનામત રાખવામાં આવી છે. મહિલાઓને સત્તા આપતા આ કાયદાએ સમગ્ર દેશમાં મૂકક્રાંતિ સર્જી છે. સામાજિક ન્યાયની નીતિનો અમલ કરવાની દિશામાં આ એક મહત્વનું પગલું છે. ભારતમાં પ્રવર્તતા કૌટુંબિક મૂલ્યોને જરા પણ ધક્કો પહોંચાડ્યા વગર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ અસરકારક રીતે ભાગ લઈ શકે તે માટે યોગ્ય સામાજિક આર્થિક અને રાજકીય વાતાવરણ ઊભું કરવું જરૂરી છે. અત્યાર સુધી સત્તાથી દૂર રહેલી સ્ત્રીને સત્તાધીશ બનાવતો આ સુધારો દૂરગામી પરિણામોની શરૂઆત કરે છે અને ભાવિ માટે અનેક શક્યતાઓ ધરાવે છે.

અત્યાર સુધી દરેક બાબતમાં સ્ત્રીઓની અવગણના જ થતી રહી છે. તેમાંય આદિવાસી સ્ત્રીને તો દરેક બાબતમાં વંચિત રાખવામાં આવી છે. પરંતુ અહીં એ યાદ રાખવું જરૂરી છે કે અત્યાર સુધી જે પ્રગતિ કે વિકાસ થયા છે તેમાં સ્ત્રીઓનો ફાળો મોટો છે. છતાં ભારતમાં સ્ત્રીઓની અવદશા જીવનનાં દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. નિરક્ષરતા, અપોષણ કે કુપોષણ, ઓરમાયું વર્તન, બાલિકાઓ પ્રત્યે દાખવાતી બેકાળજી અને તિરસ્કારની લાગણી મહિલાઓને ઓછો પગાર, ઓછું વળતર, વિવિધ પ્રકારનું શોષણ, વગેરેને કારણે સ્ત્રીઓનો વિકાસ રૂંધાય છે. આર્થિક, સામાજિક અને રાજકીય અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ સ્ત્રીનું સ્થાન નીચું જોવા મળે છે.

પરંતુ ૭૩મા બંધારણીય સુધારાને ફળે સમાજની સૌથી વંચિત સ્ત્રીને પહેલીવાર વિકાસના કાર્યમાં સક્રિય બનવાની તક મળે છે. સ્ત્રીને માટે નેતાગીરીનાં દ્વારા ખૂલે છે. સ્ત્રીની આવડત, કાર્યકુશળતા, કુનેહ અને સંચાલન શક્તિનો લાભ હવે સમાજને પંચાયત દ્વારા મળે. જેથી વિકાસનું એક નવું પાનું શરૂ થાય છે. આને લીધે સ્ત્રીઓમાં રહેલી શક્તિનું બહાર આવશે.

અન્ય સ્ત્રીઓની જેમ ગુજરાતની આદિવાસી મહિલાઓને પણ પંચાયતમાં ત્રીજા ભાગનું સ્થાન મળ્યું છે. આ એક પ્રશંસનીય પગલું છે. આને લીધે આદિવાસી સ્ત્રીઓને રાજકીય ક્ષેત્રે આગળ આવવાની તક મળશે. આદિવાસી સ્ત્રીઓમાં રહેલી ગુપ્ત શક્તિઓ બહાર આવશે.

આ નવા બંધારણીય સુધારાને કારણે ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં નવું નેતૃત્વ કઈ રીતે ઊભરી રહ્યું છે તે અંગે અભ્યાસ કર્યો તે પરથી જણાય છે કે આદિવાસી મહિલાઓની રાજકીય ભાગીદારી નહિવત છે. આમ તો આદિવાસી મહિલાઓ સામાજિક બાબતમાં બિન આદિવાસી મહિલાઓ કરતાં પ્રમાણમાં વધારે સ્વતંત્રતા ભોગવે છે. એ દ્રષ્ટિએ તેમનો દરજ્જો ઊંચો છે. પરંતુ શૈક્ષણિક દ્રષ્ટિએ જોઈએ તો શિક્ષણનું પ્રમાણ આદિવાસી મહિલાઓમાં ઘણું જ ઓછું (૧૯૯૧ પ્રમાણે ૨૪.૨૦ ટકા) છે. શિક્ષણની જેમ રાજકીય ભાગીદારી અને જાહેરજીવનની બાબતમાં પણ તેમનું પ્રમાણ નહિવત જ હતું. પરંતુ આ નવા બંધારણીય સુધારાને કારણે તેમની રાજકીય ભાગીદારી વધી છે. અને કેટલીક જગ્યાએ તો મહિલાઓ માટેની નિયત અનામત બેઠકોથી વધુ મહિલાઓ ચૂંટાઈ આવી છે.(દા.ત. રાજપીપળા અને હિંમતનગર) જો કે આ બાબત આપણને ગેરમાર્ગે દોરે છે કે આદિવાસી મહિલાઓ રાજકારણમાં મોટી સંખ્યામાં ભાગ લે છે. પણ ખરેખર તેવું નથી. તેઓ પોતાના રસ કે જાગૃતિને લીધે ચૂંટણીમાં નથી ઊભા રહેતા પણ તેમની જાતિના લોકોના આગ્રહથી ચૂંટણીમાં ઊભા રહે છે. જો કે આ નવા કાયદાથી નવી તકો ઊભી થઈ છે કે જેમાં આદિવાસીઓ પોતાનું ભાવિ નક્કી કરવાનો પ્રયત્ન કરી શકે.

આ રીતે બંધારણીય સુધારાથી પંચાયતોમાં મહિલાઓને સભ્ય તરીકે કે પછી હોદ્દાની રૂએ પ્રતિનિધિત્વ તો મળશે પણ એ ધ્યાનમાં રાખવું જરૂરી છે. તેનાથી કંઈ આવા પ્રતિનિધિત્વની અસરકારકતા અથવા તેને મહત્વ મળી

બન્યું નથી. જો કે પ્રતિનિધિત્વ ચૂંટણીની પ્રક્રિયા પર આધારિત છે છતાં તેમાં શક્તિશાળી અને ઉત્સાહપૂર્વક કામ કરે. એવી મહિલાઓ જ આગળ આવે એવું બન્યું નથી. મોટાભાગના કિસ્સાઓમાં એવું બને છે કે સ્થાનિક નેતાની સંબંધી મહિલાઓ અથવા પત્નીઓ અનામત બેઠકોમાં ચૂંટાઇ આવે છે. ગમે તેમ પણ આ પદ્ધતિમાં શક્તિશાળી મહિલાઓને ઉત્તેજન મળ્યું નથી. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને સમાજ પુરુષપ્રધાન મહત્વની અસર નીચે છે. પ્રાદેશિક ફેરફારો છે. જેમકે ઉત્તરના રાજ્યોમાં મહિલાઓ તરફનું વલણ દક્ષિણના રાજ્યો કરતા વધારે ભેદભાવવાળું છે. આમાં પણ અપવાદ છે. મહારાષ્ટ્ર અને હિંદુસ્તાનની જાતિમાં મહિલાઓની પરિસ્થિતિ જ્યાં આદર્શ ગણાય છે એવા કેરળ રાજ્યમાં પણ દહેજ લેવાનું વધતું જાય છે. આવી બધી સામાજિક પરિસ્થિતિને લીધે મહિલાઓ સ્વતંત્ર નિર્ણય કરી શકતી નથી. તેઓના મોટાભાગના નિર્ણયમાં કુટુંબના પુરુષ-વડાઓની અસર હોય છે. મહિલાઓને સારો ખોરાક પૂરો પાડવા વિશે ઘણું લખાયું છે જ્યાં આપણે જાણીએ છીએ કે કોઈ પણ વર્ગો મહિલાઓને કુટુંબમાં તેમનો ન્યાયી ભાગ મળતો નથી. મહિલાઓનું સ્થાન નીચું છે એટલે તેઓને વચ્ચોવચ્ચ થોડો ભાગ જ મળી શકે છે. ગ્રામ્ય પ્રદેશની રૂઢિચુસ્તતા અને પરંપરાગત રિવાજો, શિક્ષણનો અભાવ પુરુષપ્રધાન કુટુંબ-વ્યવસ્થા બહારની દુનિયાનો ઓછો સંપર્ક, પ્રચાર માધ્યમની ગેરહાજરી વગેરે કારણોને લીધે ગ્રામ્ય પ્રદેશની મહિલાઓ આ કામ માટે પૂરતી તાલીમ વગરની અને શક્તિહીન હોય છે.

પંચાયત રાજ્યમાં મહિલાઓ અસરકારક ભાગ લે એ માટે રાજકીય પક્ષોને એ બાબત સમજાવવાની જરૂર છે કે આ માટે પંચાયત રાજ્યની ચૂંટણીમાં સમાજની ઉત્સાહી અને શક્તિશાળી મહિલાઓને ટિકિટ આપવી જોઇએ. બિન સરકારી સંસ્થાઓ પણ નિમિત્ત થઈ શકે તેવી શક્તિશાળી મહિલાઓની ભલામણ કરી ચૂંટણી સમયે ઉપયોગી થઈ શકે.

પંચાયતી રાજને કારણે ગ્રામસમાજની મહિલાઓને સત્તા હાંસિલ થઈ છે. પરિણામે ગ્રામ કક્ષાએ લોકશાહીનો પાયો મજબૂત બન્યો છે. સામાજિક ન્યાયની નીતિનો અમલ કરવાની દિશામાં આ એક મહત્વનું પગલું છે. પરંતુ મહિલાઓના હિત માટે લડી રહેલા માનુષીના મધુ કિશ્વર મહિલાઓના અનામતનો વિરોધ કરેલો છે. તેઓ જણાવે છે કે આ પ્રકારની વ્યવસ્થાને

તેઓ ડિપાર્ટમેન્ટ એપ્રોચ કરી શકાય. પ્રત્યેક ટેઇનમાં અમુક સંખ્યામાં બેઠકોની માગ કરવામાં આવી રહી છે. પણ એ જોવાનો પ્રયત્ન નથી થતો કે ટ્રેન્ડ નિશ્ચિત દિશામાં જઈ રહી છે કે પછી નિરાશાના પંથે જઈ રહી છે. મહિલાઓ રાષ્ટ્રની રાજકીય પ્રક્રિયામાં ભાગ લે તે બરાબર છે. પણ આ ઉમદા અને આદર્શ ધ્યેયને પાર પાડવાની ઘેલછામાં કેટલીક તકવાદી પાર્ટીઓ સમાજમાં અન્ય સમસ્યાઓ ઊભી ન કરે તે જોવાનું છે.

પંચાયતી રાજમાં મહિલાઓની રાજ્ય માટે એમને માટે અનામત બેઠકો રાખવી એજ શ્રેષ્ઠ ઉપાય છે. એમની હાજરી હશે તો પંચાયતના કાર્યોમાં તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લે તેવા એજન્ડા ટીઓ કરી તેમના મારફત અગત્યના નિર્ણયો લેવાય તેવી પધ્ધતિ પંચાયતમાં પણ કાઢવામાં આવે.

પંચાયતી રાજની ચૂંટણીમાં ચૂંટાયા પછી મહિલાઓને આ અંગેની તાલીમ આપી શકાય. તાલીમની યોજના એવી રીતે કરવી જોઈએ કે તેમાં ભાગ લેનારને જાણે તેઓ પંચાયતી રાજના કામકાજમાં ભાગ લઈ રહ્યા છે તેવો આભાસ થાય. વિચારણાના મુદ્દાઓ અંગે પૂરતો વિચારવાનો સમય આપવો જોઈએ જેથી પોતાનો અનુભવ આપી શકે અને તાલીમ પામતા શીખતા જાય. મહિલા તાલીમાર્થીઓને નવા મૂલ્યો, નવી આયોજન પધ્ધતિ, કામની નવી પધ્ધતિ વગેરે અંગે જાણકારી આપી પોતાના કુટુંબ માટે અને ગામ તેમજ સમાજ માટે ઉત્કૃષ્ટ નિર્ણયો લેતા થઈ જાય અને પંચાયતી નેતા તરીકેની જવાબદારી માટે જરૂરી બહારની માહિતી તેમને મળતી રહે એમ આ કાર્યક્રમ યોજવું જોઈએ. અને છેવટે આ કાર્યક્રમની પ્રક્રિયા સહજ જ રહેવી જોઈએ. આ તાલીમમાં ભાગ લેનારી મહિલાઓની આંતરિક શક્તિને વિકસાવવાની ખાસ જવાબદારી સૂઝબૂઝવાળા તાલીમ શિક્ષકોની રહે છે. આ તાલીમ શિક્ષકો તાલીમ પૂરી થયા પછી પંચાયતી રાજમાં મહિલાઓ સાથે કામ કરી શકે તો તે આદર્શ યોજના ગણાશે.

બિન સરકારી સંસ્થાઓ ઉપરાંત મતદારો પણ મહિલાઓને પંચાયતમાં અર્થપૂર્ણ ભાગ લેવા મદદ કરી શકે. એ રીતે બિન સરકારી સંસ્થાઓના મહિલા નેતા અને મતદારો વચ્ચે મહિલાઓને પંચાયતમાં અર્થપૂર્ણ રીતે ભાગ લેતી કરવા મેળ સાધી શકાય. મહિલા સભ્યોને પોતાને જ પંચાયતમાં ભાગ લેવાની પ્રેરણા મળે અને નિર્ણય લેવામાં પોતાનો ફાળો આપવાની ઈચ્છા થાય તેના જેવું

જો પંચાયતી રાજ લોકશાહી ઢબે અને અર્થપૂર્ણ રીતે કામ નહિ કરે તો મહિલાઓની અર્થપૂર્ણ રીતે ભાગ લેવાની વાત અને મહિલાઓના હકક માટેની ઉપયોગીતાનો વિચાર બર આવશે નહિ. એટલે જ જે બધા લોકોને મહિલાઓના પંચાયત રાજ્યમાં ભાગ લેવા સંબંધી રસ હોય તેમણે આ પધ્ધતિને મજબૂત બનાવવા કમર કસવી જોઈએ અને વધારેમાં વધારે મહિલાઓ ભાગ લેતી થાય તેવું ધ્યેય રાખી સમાજના નબળા વર્ગની મહિલાઓના વિકાસ માટે કામ કરવું જોઈએ. કામની શરૂઆતમાં પંચાયતોના નિર્ણયોમાં એમનું મહત્વપૂર્ણ યોગદાન હશે એવી આશા રાખવી ન જોઈએ. કાયદાની ચોકકસ અસર માટે થોડો સમય જવા દેવો જોઈએ. જેમ જેમ શિક્ષણની કક્ષામાં અને આર્થિક પરિસ્થિતિમાં ફેર પડતો જશે તેમ તેમ નિર્ણયાત્મક વિકાસમાં મહિલાઓનો ફાળો વધતો જશે. અને શકય છે કે માત્ર ગ્રામ પ્રદેશમાં જ નહિ પણ શહેરી સમાજમાં ભવિષ્યમાં ઉચ્ચ કક્ષાના વહીવટમાં પણ તેઓ પુરતો ભાગ લેશે. આ ધ્યેય માટે આપણે બધાએ કામ કરવું જરૂરી છે. એમને મદદરૂપ થવું જોઈએ. તો જ તેઓ રાજકીય ક્ષેત્રે આગળ આવશે અને તેમનામાં નેતૃત્વનો વિકાસ થશે. ખાસ કરીને આદિવાસી મહિલાઓ માટે તો આ ખૂબજ મહત્વનું છે. આદિવાસી મહિલાઓ ધીમે ધીમે રાજકીયક્ષેત્રે આગળ આવી રહી છે. આ પ્રક્રિયા ધીમી છે છતાં એક ચોકકસ દિશામાં જઈ રહી છે. પ્રગતિના પંથે જઈ રહી છે તેમ કહી શકાય.

## પ્રકરણ – ૫

## તારણો અને સૂચનો

પંચાયતી રાજ પ્રજાના પ્રતિનિધિત્વ અને તેના અવાજનો પડઘો હોઈ ભારત સરકારે ૭૩મો બંધારણીય સુધારો અમલમાં મૂકીને દેશભરમાં ક્રાન્તિકારી પગલું ભર્યું છે.

પંચાયતોને પ્રાણવાન બનાવવા માટે સદ્‌ગત વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ પંચાયતી રાજ વિધેયક સપ્ટેમ્બર ૧૯૮૯માં રજૂ કર્યું હતું. ૨૪ એપ્રિલ ૧૯૯૩ના રોજ એક જાહેરનામા દ્વારા ૭૩મા બંધારણીય સુધારાને અમલમાં મૂકવામાં આવ્યો. લોકોને સત્તાની સોંપણી કરવાની દિશામાં ઝડપ લાવવા બંધારણનો ૭૩મો સુધારો ગ્રામીણ વિકાસ મંત્રાલયે આ પ્રમાણે અમલમાં મૂક્યો.

તત્કાલિન વડાપ્રધાન નરસિંહરાવે ૧લી મે ૧૯૯૩ના રોજ રાજ્યપાલોને મુખ્યમંત્રીઓને સંદેશો પાઠવ્યો કે આ ઐતિહાસિક સુધારાથી જે તક ઊભી થઈ છે તેનો ઉપયોગ સક્રિય લોકાભિમુખ અને જવાબદાર સ્વરાજ સંસ્થાઓની સ્થાપના માટે કરાય. કલમ ૨૪૭ (ક) જણાવે છે કે રાજ્યોના વિધાનગૃહો, પંચાયતો, સ્વરાજની સંસ્થાઓ તરીકે અસરકારક રીતે કામ કરી શકે તે માટે તેમને સમર્થ બનાવવા દરેક સ્તરે જરૂરી સત્તાઓ અપાશે. સમાજના નબળા વર્ગો જેવા કે મહિલાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને વસ્તીના પ્રમાણમાં અધ્યક્ષોના હોદ્દા સહિત આરક્ષણ મારફત ભાગીદાર બનશે.

ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની (૧) જીલ્લા પંચાયત (૨) તાલુકાપંચાયત (૩) ગ્રામપંચાયતો માટે અમલી બનશે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક તેમજ શૈક્ષણિક રીતે પછાત વર્ગો, ઉપરાંત ૧/૩ બેઠકો (૩૩%) મહિલાઓ માટે અનામત રહેશે. એ આ ધારાની વિશેષતા છે કે સીધી ચૂંટણી દ્વારા ભરવાની બેઠકોની કુલ સંખ્યાની ૧/૩ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રહેશે. આમ નવા પંચાયત ધારામાં મહિલાઓ માટે ૩૩% બેઠકો અનામત રાખવામાં આવી છે. તે આવકારદાયક પગલું છે.

ઈતિહાસમાં સૌ પ્રથમવાર સત્તાસ્થાનો પર નબળા વર્ગના લોકોને બેસાડવાની જોગવાઈ કરવામાં આવી છે. આ લાભ માત્ર ઉજળિયાત બહેનોને

જ નહિ પણ હરિજન, આદિવાસી તેમજ પછાત પંક્તિની બહેનોને પણ મળે છે. આમ, ભારતીય પંચાયતી રાજમાં સ્ત્રીરાજની શરૂઆત થઈ છે. સ્ત્રીઓ હવે સત્તાના ટોચસ્થાને બિરાજશે.

મહિલાઓને આ અનામત ક્રાંતિ નથી માત્ર આરંભ છે. એ સંસદ, વિધાનસભા, સરકારી નોકરીઓમાં જ્યાં ક્યાંય પણ હોય ત્યાં દબાયેલી ન હોય, કચડાયેલી ન હોય, પણ પૂર્ણતઃ સ્વતંત્ર હોય, મુક્ત અભિપ્રાય આપવા સક્ષમ હોય અને પોતાની કામગીરીમાં ક્યાંયે ઉતરતી ન હોય એ જોવા માટે આ કાનૂની જોગવાઈ ઉપરાંત બીજું ઘણું બધું કરવાનું હજુ બાકી છે. શિક્ષણનો વ્યાપ વધારવા ઉપરાંત સામાજિક, સેવાકીય અને રાજકીય કાર્યોમાં તેની ભાગીદારી ત્યારે જ શક્ય બનશે કે જ્યારે તે પોતાની વિચારશીલતા, સમજણ અને વિવેક દૃષ્ટિબિંદુ સાથે એવું પોતાનું વ્યક્તિત્વ પણ વિકસ્યું હોય. પરંતુ આટલો પુરુષ પ્રધાન સમાજ એ કેટલી ઝડપે સ્વીકારશે ? અને સ્ત્રીવર્ગ કેટલી ત્વરાથી અભિપ્રેત જાગૃત બનશે તેની ઉપર આ જોગવાઈની સફળતાનો આધાર છે.

ઘણાને એવો ડર છે કે શું સ્ત્રીઓ આવડી મોટી જવાબદારી સંભાળી શકશે ખરી ? હાલ અનામત બેઠકો પર કેટલીક એવી સ્ત્રીઓ પણ છે જે નિષ્ક્રિય જણાય છે. તેઓ સક્રિય બની શકશે ખરી ? તેમ છતાં સ્ત્રીઓ સ્વચ્છ અને સેવાભાવી વહીવટ આપી શકશે એવી ધારણા છે. બહેનોના આવવાથી ભ્રષ્ટાચાર ઓછો થશે અને વહીવટમાં કરકસર થશે. અને ઉલ્લેખનીય છે કે આદિવાસી વિસ્તારોમાં ૩૩% બેઠકો સ્ત્રીઓ વડે પૂરાઈ છે અને મોટાભાગના વિસ્તારોમાં કાર્ય સફળતાથી પાર પડી રહ્યું છે. ખાસ કોઈ મુશ્કેલી જણાઈ નથી. બહેનોના આગમનથી વહીવટ સ્વચ્છ અને ઝડપી બનશે એવી આશા અસ્થાને નથી. આ નવી બંધારણીય જોગવાઈઓએ સમાજમાં આમૂલ પરિવર્તનની શક્યતાઓ ઊભી કરી છે. એમાં જરાયે શંકા નથી. ખાસ કરીને આદિવાસી મહિલાઓ માટે પણ પંચાયતોમાં ૧/૩ બેઠકો અનામત રખાઈ છે. તેને લીધે આદિવાસી મહિલાઓમાં નેતૃત્વ કઈ રીતે ઊભરી રહ્યું છે એ અંગે વલસાડ જિલ્લાના વાંસદા અને ધરમપુર એ બે આદિવાસી કેન્દ્રી તાલુકાનો ક્ષેત્રીય અભ્યાસ હાથ ધર્યો હતો. તેનાં મુખ્ય તારણો નીચે પ્રમાણે છે.

(૧) આદિવાસી મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. જેમનો અભ્યાસ કર્યો છે તે બધી જ મહિલા સરપંચો શિક્ષિત હતી. બધી જ માધ્યમિક શિક્ષણ સુધી પહોંચેલ છે. કોઈ ઉચ્ચ શિક્ષણ પામેલી નથી.

(૨) મોટાભાગની મહિલા સરપંચો યુવાન એટલે કે ૧૮ થી ૩૫ વર્ષની વયની હતી. મોટી ઉંમરની મહિલાઓ સરપંચ તરીકે નથી જોવા મળી.

(૩) આજે જેમ હજુ પણ આદિવાસી મહિલાઓમાં રાજકીય ભાગીદારી અને જાહેરજીવનની બાબતમાં ઉત્સાહ અને રસ ઓછો જોવાયો હતો. મોટાભાગની મહિલા સરપંચોને [illegible] આગળ કરીને ચૂંટણીમાં ઊભા રાખેલ હતી.

(૪) વહીવટની બાબતમાં પણ એક બે સરપંચ સિવાય બધા જ મહિલા સરપંચોનો વહીવટ પતિ, સસરા કે દીયર જેવા પુરુષો જ ચલાવતા હતા. વર્ષોથી પુરુષપ્રધાન સમાજમાં પુરુષોએ સત્તાનો દોર પોતાના હાથમાં જ રાખેલો છે તે એકાએક કઈ રીતે છોડી શકે ? ગૃહકાર્ય અને બાળકોની જવાબદારી હોવાથી મિટિંગો વગેરેમાં પુરુષ (પતિ) જ જાય છે. ભારતીય સંસ્કૃતિ અને સમાજ પુરુષપ્રધાન મહત્વની અસર નીચે છે. આવી દ્રઢ સામાજિક પરિસ્થિતિને કારણે સ્ત્રીઓ સ્વતંત્ર નિર્ણય કરી શકતી નથી. વળી પરંપરાવાદી સામાજિક અને સાંસ્કૃતિક બોજામાં મહિલાઓ પોતે પણ મોટા ભ્રાંતિને લીધે બહાર નીકળતા અચકાતી છે.

(૫) મહિલાઓ સરપંચ હોવાથી ભ્રષ્ટાચાર ઓછો જોવા મળે છે. મહિલાઓ પંચાયતનું સંચાલન કરતી વખતે કુટુંબમાં જેમ કરે છે તેમ અહીં પણ આયોજનપૂર્વક અમુક રકમ બચાવી વિકાસના જુદા જુદા કાર્યોમાં વાપરતી હતી. નાણાંનો ગેરઉપયોગ ઓછો થતો હોય તેમ જણાયું હતું. કેટલીક ઓછું ભણેલી મહિલાઓ પણ વહીવટ કુશળતાથી કરી શકતી હોવાનું જણાયું. પુરુષો કરતાં રાજકારણની બાબતમાં બિનઅનુભવી અને ગૃહકાર્યની અને બાળકોની જવાબદારીવાળી મહિલાઓ પંચાયતોમાં કુશળતા પૂર્વક કાર્ય સંભાળવા લાગી છે.

(૬) આદિવાસી મહિલા સરપંચોને હજુ અસરકારક તાલીમની જરૂર છે. અને એ તાલીમકેન્દ્ર સ્થાનિક મથકે રાખવું જોઇએ જેથી બધી મહિલા સરપંચો તાલીમ લેવા આવી શકે. તેમને ઘરના અને બાળકોની જવાબદારી હોવાથી દૂરના કેન્દ્ર પર તેઓ તાલીમ માટે આવી શકતા નથી. મહિલાઓ પોતાની જવાબદારી અદા કરવા સક્ષમ બને તે માટે જરૂરી તાલીમ આપવા જિલ્લે જિલ્લે તાલીમ કેન્દ્ર ખોલવા જરૂરી છે.

(૭) મોટભાગની મહિલા સરપંચોની ફરિયાદ હતી કે તલાટી તેઓને બહુ હેરાન કરે છે.

(૮) કોઇ મહિલા સરપંચ નિયમિત સમાચાર પત્રો વાંચી શકતી નથી.

(૯) રેડિયો તેમજ ટેલિવિઝનમાં પણ સમાચાર કરતાં ફિલ્મો અને ફિલ્મી ગીતો, નાટકો, ગરબા, સિરીયલો વગેરે જોવાનું કે સાંભળવાનું પસંદ કરતી જોવા મળી હતી.

(૧૦) આદિવાસી મહિલા સરપંચોનું રાજકારણ અંગેનું જ્ઞાન પૂરતું નથી હોતું. ગુજરાતના મુખ્યમંત્રીનું નામ ઘણાને ખબર ન હતી. દેશના વડાપ્રધાનનું નામ પણ ૫૦ ટકા મહિલા સરપંચો જાણતી હતી. સ્ત્રી વડાપ્રધાન તરીકે શ્રી ઇન્દીરા ગાંધીનું નામ બધાને ખબર છે. જ્યારે પડોશી દેશના વડાપ્રધાનોમાં શ્રીમતી બેનઝીર ભુટ્ટો પાકીસ્તાનના વડાપ્રધાનનું નામ કેટલાકને આવડે છે.

આદિવાસી મહિલાઓ પોતાના રોજીંદા કાર્યોમાં રોકાયેલી હોવાથી નિયમિત રીતે સમાચાર પત્રો વાંચી શકતી નથી. વળી કેટલાક ઊંડાણના ગામડાંઓમાં સમાચાર પત્રો આવતા પણ નથી.

આવા કારણો છતાં આપણે નિરાશ થવાની જરૂર નથી. કારણ આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ ઓછું છે. તે અક્કલી નથી પણ ભોળી છે. નિખાલસ છે. એકાદ બે મહિલા સરપંચ ખરેખર બહુ સુંદર રીતે કાર્ય કરતી હતી. અભ્યાસ દરમ્યાન એ સ્પષ્ટ જણાયું કે જો તક મળે અને આદિવાસી મહિલાઓને પોતાના કુટુંબનો સહકાર મળે તો તે વધારે સારી રીતે કાર્ય કરી શકે. કુટુંબના વડીલો અને પુરુષો આ નવી પરિસ્થિતિને સમજી શકે અને મહિલાઓને તેમનું કામ જાતે કરવા દે તો મહિલાઓને પણ કામ

કરવાનો અનુભવ મળશે અને તે વધારે સારી રીતે પોતાનું કાર્ય કરતાં શીખશે. હા, એમને ખબર ના પડે કે સમજાય નહિ ત્યાં બીજા અનુભવી લોકોને પૂછી તેમની મદદ લઈ કામ કરી શકે. પણ એમને શું ના આવડે તેમ માની પુરુષો જ બધું કરશે તો મહિલાઓનો વિકાસ થશે નહિ.

આમ, એકંદરે આદિવાસી મહિલાઓમાં નવા પંચાયતીરાજ સુધારાને કારણે ખૂબ જ ધીમી ગતિએ નેતૃત્વ ઉભરતું જોવા મળ્યું હતું. તેમને અસરકારક ભાગીદાર બનાવવા હજુ ઘણી મુશ્કેલીઓ પાર કરવાની છે.

અંતે, પ્રો. ફ્રીડ એક જણાવે છે કે તેમ ''પંચાયતીરાજની ઘણી મર્યાદાઓ અને અવરોધો હોવા છતાં લોકશાહીના નીચલા સ્તર સુધી પ્રસારવામાં, સ્થાનીક સત્તા અને વિકાસ લાભો મહિલા, દલિતો-વંચિતો સુધી વહેંચવામાં તથા વિકાસ લાભો સમાજના છેવાડાના કેન્દ્રમાં કેન્દ્રિત થાય છે. તેણે સમાજની સીમા પર રહેલા પરિઘસ્થિત વર્ગોમાં પ્રસરવાનું એટલું જ નહિ પણ આ પરિઘવર્તી સમૂહોને કેન્દ્ર તરફ ખેંચી તેમને રાજ્યપ્રક્રિયામાં સ્થાન માટે ગોઠવી આપવાની અપેક્ષા પંચાયતીરાજ પાસે રાખી શકાય !!

પંચાયતીરાજ સંસ્થાઓએ છેક છેવાડાના માણસના હિત, વિકાસ અને કલ્યાણને અગ્રિમતા આપવી જોઈએ. મહાત્મા ગાંધીજીએ ''મારું સ્વપ્ન'' નામક શિર્ષકથી હરિજન બંધુમાં એક લેખ લખેલો. એ સ્વપ્ન સાકાર કરવાનું બીડું પંચાયતીરાજે ઉપાડવાનું છે. ગાંધીજીએ લખ્યું હતું કે ''મારું સ્વપ્ન સાચું પડે અને સાત લાખ ગામડાંમાંનું એક એક ગામડું એવું સુંદર જીવન્ત પ્રજાતંત્ર બની જાય, જેમાં કોઈપણ માણસ નિરક્ષર ન રહે, જેમાં કોઈ કામના અભાવે બેકાર ન રહે જેમાં દરેક જણ કંઈક ઉદ્યોગોની વ્યવસ્થામાં રોકાયેલું હોય, જેમાં દરેક જણને પૌષ્ટિક ખોરાક, ગારે હવા-ઉજાસવાળાં રહેઠાણ અને શરીર ઢાંકવા માટે પૂરતી ખાદી મળી રહે અને જેમાં બધા ગ્રામવાસીઓ શરીરની સ્વચ્છતાના નિયમો જાણતા અને પાળતા હોય તો એવા રાજ્યને વિવિધ પ્રકારની ને વધતી જતી જરૂરિયાતો હોય જ, અને તેને જો આપણા વધતાં અટકી ન જવું હોય તો એ જરૂરિયાતો પૂરી પાડવી જ જોઈએ.''

<u>**સૂચનો :**</u>

(૧) આદિવાસી મહિલાઓમાં શિક્ષણ વધારવા પ્રયત્નો કરવા.

(૨) આદિવાસી મહિલા સરપંચો તેમજ મહિલા પ્રમુખોને રાજકીય બનાવો કે ઘટનાઓની જાણકારી મળી રહે તે માટે ઊંડાણવાળા વિસ્તારોમાં પણ સમાચાર પત્રો કે સામયિકો મળી રહે તે માટે યોગ્ય પગલાં લેવા અથવા પંચાયતનું પોતાનું જ પખવાડિક બહાર પાડવામાં આવે તેમાં મહત્વની રાજકીય ઘટનાઓના સમાચાર દરેકને પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા કરવી.

(૩) આદિવાસી મહિલા સરપંચોને તેમની જવાબદારી સારી રીતે અદા કરવા યોગ્ય તાલીમ સ્થાનિક તાલીમ કેન્દ્રો દ્વારા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવી.

(૪) દરેક કુટુંબમાં દરેક સભ્ય પોતાની ફરજ સમજી (સ્ત્રી અને પુરુષ) કામની જવાબદારી વહેંચી લે તો સ્ત્રીઓનો કામનો બોજો હળવો થાય અને તેઓ પોતાની સરપંચ કે પ્રમુખ તરીકેની ફરજ સારી રીતે બજાવી શકે. આવી અનુકૂળ પરિસ્થિતિ દરેક કુટુંબમાં અને સમાજમાં સર્જાય તે માટે શિબિરો, કાર્યશાળાઓ વગેરે દ્વારા લોકોને પ્રેરણા આપવી. પરંપરાગત મનોવલણમાં પરિવર્તન લાવવા પ્રયત્નો કરવા.

(૫) નાના બાળકોને સાચવવા ઘોડિયા ઘર જેવી વ્યવસ્થા કરવી.

ટૂંકમાં આદિવાસી મહિલાઓ પોતાની જવાબદારી સારી રીતે નિભાવી શકે તે માટે કુટુંબ અને સમાજે તેમને સહકાર આપશે તો જ તેમનો વિકાસ સારી રીતે થઈ શકે.

## પરિશિષ્ટ-૧

## પંચાયતી રાજ પર ગીત

पंचोंका राज चले
ये कानून बनाया रे
महिला भी इसमें शामिल हो
ये विकास आया रे।
निर्वाचित होगी महिला ये बदलाव आया रे
सरपंच भी होगी महिला ये विकास आया रे
अब तक था जो अधूरा अब पूरा होगा रे
महिला और पुरुष मिलजुलकर विकास करेंगे
गाड़ीके दोनो पटियों पर अब भार होगा रे
जिम्मेदारी निभानेका अब मौका आया रे
करो विकास अपना अपने गाँवका भी रे
ब्लोक जिल्ला और राज्य, पूरे भारतका भी रे।

## પરિશિષ્ટ-૨

## સંદર્ભ સૂચિ


(૧) પ્રા. શેઠ પ્રવીણ, પંચાયતી રાજ અને વિકાસ, લેખ -આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પરિસંવાદમાં રજૂ થયેલો.

(૨) શાહ હીરાલાલ, પંચાયતી રાજ, પરિચય પુસ્તિકા- પ્રવૃત્તિ ૮/૬૨

(૩) કાન્હરે ઉષાબેન, પંચાયતી રાજ અને સ્ત્રીઓ (પરિસંવાદમાં પેપર રજૂ થયેલું)

(૪) સંદેશ - દૈનિક, તા. ૪-૮-૯૬.

(૫) Mohanty Bidyut, Panchayatiraj", 73rd Constitutinal Amendment and women., Economic Political Weekly- Dec. 30, 1995.

(૬) મહેતા રેખા, આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન. (ગુજરાત વિદ્યાપીઠ, પી.એચ.ડી. થીસીસ ૧૯૮૯)